સુવિચાર
બીજાનો ભાર હળવો કરી જાણે તેવા એક પણ મનુષ્યનું મૂલ્ય ઓછું આંકી ન શકાય.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૪/૦૭/૨૦૨૩, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૭૯ અષાઢ વદ-૧૨ વર્ષ : ૧૫ અંક : ૧૮૦

## યુવા ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાનાં વરદ્હસ્તે

# અમરેલીમાં રૂપિયા ૬૨૫.૮૯ લાખનાં વિકાસકાર્યોનો પ્રારંભ

શહેરની ભાગોળે વિકસતા વિસ્તારમાં ટ્રી મિક્સ સાથે માર્ગ, ગટર અને સ્ટ્રીટલાઈટની કામગીરીનો પ્રારંભ

શહેરનાં વરસડા માર્ગ પરનાં રહેવાસીઓમાં ખૂશીનો માહોલ ઉભો થયો

આગામી દિવસોમાં શહેરમાં અનેક વિકાસકાર્યો કાર્યરત થવાની નાયબ દંડકે જાહેરાત કરી

પાલિકા પ્રમુખ મનિષાબેન, અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલિયા, વાઈસ ચેરમેન મુકેશ સંઘાણી પણ ઉપસ્થિત રહ્યા















અમરેલી, તા. ૧૩

અમરેલી નગરપાલિકામાં ભાજપે સત્તાનાં સુત્રો સંભાળ્યાના ફકત સવા બે વર્ષમાં અમરેલીની વણથંભી વિકાસયાત્રામાં હરણફાળ ભરેલ છે. ત્યારે પાલિકાને યુવા ધારાસભ્ય અને નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈનાં અકલ્પનિય સહકારથી અને મુકેશભાઈ સંઘાણીના માર્ગદર્શન હેઠળ આજે શહેરનાં છેવાડાના ૬૪–લોકેશનો કે જે છેલ્લા પચ્ચીસ વર્ષથી વિકાસથી વંચિત હતા તેવા આઉટ ગ્રોથ વિસ્તારોમાં રૂા. ૬૬૪.૩૪ લાખની માતબર રકમથી સીસી રોડ, આરસીસી પાઈપ, ડ્રેનજ અને એલઈડી સ્ટ્રીટલાઈટ સહિતની કામગીરીનું ખાતમુર્હુત સરકારનાં નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયા તેમજ નગરપાલિકા પ્રમુખ શ્રીમતી મનિષાબેન સંજયભાઈ રામાણીનાં વરદ હસ્તે કરવામાં આવેલ હતું.

અમરેલી નગરપાલિકા હદ વિસ્તારમાં એકપણ રોડ સીસી કે પેવીંગ બ્લોકથી મઢેલ ન હોવા જોઈએ તે દિશામાં પાલિકાની ભાજપ ટીમ ધ્વારા સતત પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. ત્યારે શહેરનાં આઉટ ગ્રોથ વિસ્તારનાં વેપારીઓ–રહિશો પાકા રોડ, સ્ટ્રીટલાઈટ સહિતની સુવિધા માટે છેલ્લા પચ્ચીસ વર્ષથી ઝંખી રહેલ છે. ત્યારે અમરેલીના સ્વપ્નદ્રષ્ટા મુકેશભાઈ સંઘાણીની રાહબરી હેઠળ નગરપાલિકાની ભાજપ ટીમ ધ્વારા આવા વિકાસથી વંચિત વિસ્તારોમાં

અનુસંધાન પાના ૬ ઉપર

### મણિનગર વિસ્તારની ઘટના

## અરેરાટી : અમરેલીમાં રહેતી પરિણીતાએ ગળાફાંસો ખાઈ લીધો

**માનસિક અને શારીરિક બીમારીથી પગલું ભર્યુ**

અમરેલી, તા. ૧૩

અમરેલીનાં મણિનગર વિસ્તારમાં રહેતી નજમાબેન હુસેનભાઈ ભટ્ટી નામની ૩૮ વર્ષિય મહિલાને છેલ્લા સાતેક વર્ષથી માનસિક અને શારીરિક બીમારી રહેતી હોય. તેણીની તબીયત બરાબર રહેતી ન હોય જેથી બીમારીથી કંટાળી જઈ તેણીએ પોતે જ ભાડાનાં મકાનમાં રહેતી હતી ત્યાં પંખા સાથે ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઈ લેતા તેણીનું મોત નિપજયું હતું.

### જાફરાબાદ નજીક આવેલ

## કંથારીયા ગામે વૃક્ષ કાપતા આધેડનો પગ લપસી જતાં કૂવામાં ખાબકયા

**ખાલી કૂવામાં પડતા માથામાં ઈજા થતાં મોત નિપજયું**

અમરેલી, તા. ૧૩, જાફરાબાદ તાલુકાનાં કંથારીયા ગામે રહેતા મોહનભાઈ નાનજીભાઈ બામણીયા નામનાં ૫૦ વર્ષિય આધેડ પોતાની વાડીએ કૂવા કાંઠે વૃક્ષો કાપા હોય. ત્યારે અકસ્માતે તેમનો પગ લપસતા તેઓ ખાલી કૂવામાં પડી જતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત નિપજયાનું નાગેશ્રી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### દોઢેક વર્ષથી લાઠીની યુવતી સાથે આંખ મળી હતી

## અમરેલીનાં યુવકે પરિવારજનોએ પ્રેમ સંબધનો વિરોધ કરતાં આત્મહત્યા કરી

**મૃતક યુવક પરિણીત હોય પરિવારજનોએ વિરોધ કર્યો'તો**

અમરેલી, તા. ૧૩, અમરેલીનાં માર્કેટયાર્ડ રોડ ઉપર રહેતા વિક્રમભાઈ ચંદુભાઈ વાઘેલા નામનાં ૩૧ વર્ષિય યુવકને છેલ્લા દોઢેક વર્ષથી લાઠી ગામે રહેતી એક યુવતી સાથે પ્રેમ સંબધ હોય. મૃતક યુવક પોતે પરિણીત હોવાથી તેમની પત્ની તથા માતા–પિતાએ આ પ્રેમ સંબધ રાખવા અંગે વિરોધ કરતા હોય. જે બાબતનું મનદુઃખ રાખી યુવકે પોતાની મેળે ઝેરી દવા પી લેતા તેમનું મોત નિપજયાનું અમરેલી સીટી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### મધ્યાહન ભોજન યોજનાની અમલવારીમાં પણ ઠાગાઠૈયા

## લ્યો બોલો : અમરેલી જિલ્લાનાં ૧૯ હજાર બાળકો ખાદ્યતેલનાં અભાવથી ભોજનથી વંચિત રહેશે

**તુવેરદાળ તથા ચણા પણ પહોંચાડવામાં તંત્રને બળ પડે છે**


અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લાનાં ત્રણ તાલુકા અમરેલી–વડિયા–બગસરામાં મધ્યાહન ભોજન યોજના માટે શાળામાં રસોઈ બનાવવા આપવામાં આવતું ખાદ્યતેલ જુલાઈનાં માસ માટેનું નહી મળતા ત્રણ તાલુકાનાં ૨૦૦ કરતા વધુ કેન્દ્રો પર રસોઈ કામ બંધ રહે અને બાળકો ભોજનથી વંચિત રહે તેવી સ્થિતિનું નિર્માણ થયેલ છે.

જિલ્લામાં ઓનલાઈન પરમીટ ઈસ્યુ કરવામાં આવેલ છે પરંતુ જિલ્લાનાં ત્રણ તાલુકા જેવા કે અમરેલી, વડિયા તથા બગસરા તાલુકાનાં નાગરિક પુરવઠા નિગમના ગોડાઉન ઉપર ખાદ્યતેલ ઉપલબ્ધ નહી હોવાના કારણે ૧૯ હજાર બાળકોને ભોજન પીરસી શકાશે નહી.

છેલ્લા બે માસથી પુરવઠા નિગમ દ્વારા જિલ્લાના તમામ તાલુકાઓમાં મ.ભો.યો.નો જથ્થો સમયસર પહોંચાડવામાં આવતો નથી અને ખાસ કરીને ખાદ્યતેલ–તુવેરદાળ તથા ચણાનું લીફટીંગ જે તે તાલુકાની જરૂરિયાત ધ્યાને લીધા વગર કરવામાં આવી રહ્યું છે. એમ મ.ભો.યો. કર્મચારી સંઘ (ગુ.રા.)ના મહામંત્રી હસુભાઈ જોષીની યાદી જણાવે છે.

નંદભુવન સોસાયટી
ખુલ્લા પ્લોટોનું વેચાણ શરૂ કરેલ છે
સાઈટ : ચિતલ રોડ, ભાવકા ભવાની મંદિરથી પ્રતાપપરા જવાના રસ્તે
સુચિત "રીવરફ્રન્ટ પ્રોજેકટની સાવ નજીક"
તૈયાર કબ્જો
૯૦ વારથી વધુના પ્લોટો
ફકત ૨૩ પ્લોટનું વેચાણ કરવાનું છે
બુકીંગ માટે સંપર્ક
મો. ૮૩૫૬૮ ૪૯૧૯૩ ■ મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪

Krishna DINING HALL

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ■ પ્રસુતિ પછીની તપાસ (PNC) ■ નોર્મલ ડીલેવરી ■ સીઝેરીયન ડીલેવરી ■ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ■ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ■ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ■ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ■ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ■ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ■ IUI ફેસીલીટી ■ IVF માટે સલાહ.

### જેને તબીબી જગતનો કોઈ અભ્યાસ નથી તે દર્દીની સારવાર કરતાં જોવા મળે

# હે રામ : સાવરકુંડલાની ખાનગી હોસ્પિટલમાં અનિયમિતતાની ભરમાર

**અનેક ખાનગી હોસ્પિટલમાં લાયકાત વગરનાં વ્યકિતઓ મેડિકલ સ્ટોર પણ ચલાવતા જોવા મળે છે**

**સાવરકુંડલાનાં વ્હિસલ બ્લોસરે સાવરકુંડલાની ખાનગી હોસ્પિટલનું પોસ્ટમોર્ટમ કરતા ચોંકાવનારી વિગતો બહાર આવી**

**આરોગ્ય અને ડ્રગ્ઝ વિભાગ અકળ કારણોસર નિયમોનું પાલન કરાવતો ન હોય ચિંતાનો વિષય**

**રાજયનાં આરોગ્ય મંત્રી સમક્ષ ધારાસભ્ય અને સાંસદે રજૂઆત કરીને નિયમનું પાલન કરાવવું પડશે**

**(પ્રતાપ ખુમાણ દ્વારા)**
સાવરકુંડલા, તા. ૧૩

સમસ્ત જીવ સૃષ્ટિમાં સૌથી પ્રાથમિક અગત્યતા હોય તો પોતાનું શારીરિક સ્વાસ્થ્ય છે. એટલે તો આપણે ત્યાં કહેવત છે કે પહેલું સુખ તે જાતે નર્યા (નરવા). પણ કમ નસીબે સાવરકુંડલાની અમુક ખાનગી હોસ્પિટલમાં શારીરિક બીમારી સબબ જઈ ચડયા તો, પહેલું ને છેલ્લું સુખ કે જાતે જઈને મર્યા...!! સાવરકુંડલાનાં જાગૃત નાગરીક, પત્રકાર અને વ્હિસલ બ્લોઅર તરીકે કામ કરતા પ્રતાપભાઈ ખુમાણ (Whistle Blowrt) આપણા સૌરાષ્ટ્રમાં આ ઓછો પ્રચલીત શબ્દ છે જેનો અર્થ થાય છે કે, (A Person Who informs on Someone engaged in illegal activies ગેરકાનૂની કાર્ય કરતી વ્યકિત કે સંસ્થા વીશે જાણકારી આપતી વ્યકિત) પાસે ઘણા સમયથી જુદા જુદા દર્દીઓ પાસેથી માહિતી આવતી હતી કે સાવરકુંડલાની અમુક ખાનગી હોસ્પિટલોમાં ઈન્ડોર પેશન્ટની સારવાર જેવી કે બોટલ ચડાવવી-ઉતારવી તેમાં ઈન્જેકશન મારવા, દર્દીને ડ્રેસિંગ કરવું, ઈન્જેકશન આપવા, અરે કાર્ડીયોગ્રામ પણ જે કર્મચારીઓ માત્ર પ્રાથમિક કે માધ્યમિક સુધીનો અભ્યાસ કર્યો હોય તે બિંદાસ રીતે કરતા હોય છે. આ લોકોની જીંદગી સાથે ચેડા નથી તો બીજુ શું છે..? હવે આ બાબતે અમે જાતે વિડીયોગ્રાફર સાથે સત્યતા ચકાસવા સાવરકુંડલા ઈન્ડિયન મેડીકલ એસોસીએશનનાં સન્માનીય અધ્યક્ષ ડો. જીતેન્દ્ર પીપલીયા (એમ.ડી.)ની સેવામેઘ (હા.. સેવા-મેઘ..!!) હોસ્પિટલની મુલાકાત લીધી તો ચોંકાવનારી હકીકતો સામે આવી. ડોકટર સાહેબ તો પોતાના ૨૦ કિલોમીટર દૂર 'દીતલા' ગામે આવેલ ફાર્મ હાઉસ ઉપર આરામ ફરમાવતા હતા. એટલે તેઓની સાથે ચર્ચા ન થઈ શકી. પરંતુ હોસ્પિટલમાં નાઈટ ડયુટી ફરજ બજાવતા ત્રણ કર્મચારીઓ જે અમારી નજર સામે દાખલ થયેલા દર્દીઓને બોર્લ ચડાવવા, બદલાવવા, ઉતારવા જેવું કામ કરતા હતા તેમને વ્યકિતગત પુછતા એક કર્મચારી ધો. ૧૦ પાસ, બીજો ધો. ૧૨ પાસ, ત્રીજો અર્ધુ નર્સિંગ ભણીને છોડી દીધેલ...!!

હવે આવા કર્મચારીઓ સહેજ પણ ચુક કરે તો કોણ જવાબદાર..?

અધુરો નર્સિંગ કરેલો વ્યકિત તો એમ ગૌરવભેર કહે છે કે હું તો વીસ વરસથી આ જ હોસ્પિટલમાં આ કામ કરૂ છું... હવે આ સેવામેઘ હોસ્પિટલની બીજી તસ્વીર જોઈએ, હોસ્પિટલનાં પ્રીમાઈસીસમાં જ પોતાનો મેડિકલ સ્ટોર છે, "સેવામેઘ મેડિકલ સ્ટોર" આ મેડિકલ ઉપર રાત્રે ૮ કલાકે બે છોકરાઓ હાજર હતા. તેમને બન્નેને પુછતા પોતાના નામ ચિરાગ ખખર અને દલ મોયુદીન બતાવ્યા. આ બન્ને ઘણા વર્ષોથી આ મેડિકલ સ્ટોરનું સંચાલન કરે છે. ચિરાગ ખખર ધો. ૧૦ પાસ અને મોયુદીન દલ ધો. ૯ પાસ. આ બન્ને ડો. જીતેન્દ્ર પીપલીયા જે પ્રિસ્ક્રિપશન લખી આપે, (હવે કોઈ ભણેલા માણસ પણ ના વાંચી શકે) તે મુજબ દર્દીઓને દવા આપે અને પૈસા વસુલે. આ બન્ને કર્મચારીઓ સાથે વાતચીત કરતા તેમણે જણાવ્યું કે, ડો. પીપલીયાનાં નાના ભાઈ કમલેશભાઈના માલીકીનો આ મેડિકલ સ્ટોર છે અને ત્યાં ફોટામાં લાયસન્સ જોતા તેમાં ફાર્માસિસ્ટ તરીકે દેવાંગીબેન ભરતકુમાર સોની, મિલન એપાર્ટમેન્ટ, હેવન પાર્ક, અમદાવાદ દર્શાવેલ છે. આ બાબતે ડ્રગ્સ કંટ્રોલ ઓફિસ ૦૨૭૯૨ ૨૨૩૩૮૪ અમરેલી તપાસ કરતા ત્યાં બે અલગ અલગ એડ્રેસ જાણવા મળ્યા. જેમાં ૯૧૩, જહાપનાપોળ, કાળુપુર, અમદાવદ અને સ્થાનિક એડ્રેસ ભરવાડ શેરી 'ડોડીયા નિવાસ' જુના બસ સ્ટેન્ડ સાવરકુંડલા દર્શાવેલ છે. આ દેવાંગીબેન બાબતે મેડિકલ સ્ટોર પર રહેલા બન્ને કર્મચારીઓને પુછતા તેઓ ઓળખતા ન હોવાનું અને કયારેય જોયા ન હોવાનું જણાવેલ. આ બન્ને કર્મચારીઓ પાછા એવું જ્ઞાન પણ ધરાવતા હતા કે ફાર્માસિસ્ટ જ પ્રિસ્ક્રિપ્શન જોઈ દવા આપી શકે.


અમે દેવાગંબેન ભરતકુમાર સોનીના દર્શાવેલ સ્થાનિક સરનામે, સાવરકુંડલામાં જેટલી "ભરવાડ શેરી" તરીકે ઓળખાતો વિસ્તાર છે ત્યાનાં સ્થાનિકને નાના-મોટા વડીલો, પાનના ગલ્લાવાળા, કરીયાણાવાળ તમામ પાસે પુછપરછ કરી તો કોઈ "ડોડીયા નિવાસ" નામનું મકાન અસ્તિત્વ જ નથી..!! અને દેવાંગીબેન સોની કોઈ ભાડુઆત તરીકે રહેતા હોય એવું તમામ સ્થાનિક રહેવાસીઓ ઘસીને ના પાડી...!! હવે આપણે આ "સેવામેઘ મેડિકલ સ્ટોર"ના વિવાદીત ભુતકાળ તરફ નજર દોડાવીએ...!! તો ઘણા વર્ષો પહેલા આ જ સ્થળે આ જ માલીક ડો. પીપલીયાનાં લઘુબંધુ કમલેશભાઈ પીપલીયાના નામે ફાર્માસિસ્ટનું લાઈસન્સ ડ્રગ્સ કંટ્રોલર અમરેલી ધ્વારા અપાયેલ ત્યારે મેડિકલનું નામ હતું "સમર્પણ મેડિકલ સ્ટોર" હવે જે તે સમયનાં ડ્રગ્સ ઈન્સપેકટર બલ્લર-અમરેલી ખૂબ જ પ્રામાણિક અને સહેજ પણ ખોટુ ચલાવી લેવામાં માનતા ન હતા. તેમણે આ મેડિકલ સ્ટોરની અસંખ્ય ગેરરીતિઓ પકડી હતી અને જે તે સમયે ૧૦ દિવસ લાઈસન્સ સસ્પેન્ડ કરી ૧૦ દિવસ મેડિકલ સ્ટોર બંધ કરવા સુચના આપી હતી. પરંતુ આ ડોકટર તો ભારે જબરા અને એટલે જ અત્યારે સાવરકુંડલા ઈન્ડિયન મેડિકલ એસોસીએશનનાં અધ્યક્ષ છે. તેઓ આ આદેશને ઘોળીને પી ગયા, મેડિકલ સ્ટોર ગેરકાનૂની રીતે ચાલું રાખ્યો. ત્યારબાદ અન્ય ગેરરીતિઓ પણ ડ્રગ્સ ઈન્સપેકટરે પકડીને ફાર્માસિસ્ટ તરીકે કમલેશ પીપલીયાને ગેરલાયક ઠરાવી ડિગ્રી અયોગ્ય ઠેરવી, મેડિકલ સ્ટોર કાયમી ધોરણે બંધ કરાવી દીધો. હવે સાહેબને ધંધાની ખોટ કેમ પોસાય...?

નવે નાકે દીવાળી...!!

પોતાની જ હોસ્પિટલમાં અને તે જ સ્થળે નવા નામે "સેવામેઘ મેડિકલ સ્ટોર" પ્રોપરાઈટર કમલેશ પીપલીયા અને ફાર્માસિસ્ટ દેવાંગીબેન ભરતકુમાર સોની કે જેઓ સાવરકુંડલાથી ૩૦૦ કિલોમીટર દૂર અમદાવાદ રહે છે. (હોસ્પિટલમાં અને મેડિકલ સ્ટોરમાં સીસીટીવી છે જ ફૂટેજ મેળવાય તો ભાંડો ફૂટે)

આ તમામ હીકકતો જે વર્ણવી છે તેના ઓડિયો-વીડિયો વિઝયુઅલ અમારી પાસે છે. સાવરકુંડલામાં મેડિકલ ઓફિસર ડો. મીના કે જે છેલ્લા ૪૦ વર્ષોથી.. હા ચાર ચાર દાયકાથી સાવરકુંડલા અને તાલુકામાં જ ફરજ બજાવે છે અને આ તમામ ખાનગી હોસ્પિટલો અને દવાખાનાઓ સમયે સમયે ચકાસવાની અને સરકારને રિપોર્ટ કરવાની જવાબદારી તેમની હોય છે. હવે આપણે બધા સમજી શકીએ છીએ કે જે સરકારી ચાલીસ વર્ષોથી ઊંડા મુળીયા નાખી ગયો હોય તે અંડર ટેબલ પ્રેકટીસમાં પણ માહીર હોય તો અને સ્થાનિક, જિલ્લા અને પ્રદેશ કક્ષાએ પદાધિકારીઓ, અધિકારીઓની સેવા કરવામાં નિપુણ હોય...!!

આ સમગ્ર હોસ્પિટલ અને મેડિકલ સ્ટોરની એક ઘટના તો પાશેરામાં પહેલી પૂણી છે...!!! આરોગ્ય વિભાગ અને ડ્રગ્સ કંટ્રોલ રાજય કક્ષાએથી નિષ્ણાંતોની ટીમ ઉતારી એક-એક ખાનગી હોસ્પિટલ અને મેડિકલ સ્ટોર્સની ચકાસણી કરે તો "હમામ મે સબ નંગે હે" સાબિત થાય. સાવરકુંડલા જ નહિ, સમગ્ર રાજય વ્યાપી આ તપાસ જરૂરી છે.



### ૭૮ વર્ષના પુરૂષને છાતીમાં દુઃખાવો ઉપડતા

## અમરેલીની જાણીતી ''એઇમ્સ'' હોસ્પિટલમાં સફળ એન્જીયોપ્લાસ્ટી

**તબીબો અને સ્ટાફે ભારે જહેમત ઉઠાવી**

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લામાં સુપ્રસિધ્ધ "એઈમ્સ" હોસ્પિટલના તબીબો અને તબીબી સ્ટાફે ભારે જહેમત ઉઠાવીને એન્જીયોપ્લાસ્ટી સફળ તાપૂર્વક રીને દર્દીની જીંદગી બચાવી છે.

એઈમ્સ હોસ્પિટલમાં એક ૭૮ વર્ષના વૃધ્ધ પુરૂષને છાતીમાં દુઃખાવો ઉપડતા સારવાર માટે દાખલ કરાયા અને યુધ્ધના ધોરણે તબીબોએ જરૂરી પરિક્ષણ કરીને ભારે જહેમત ઉઠાવી એન્જીયોપ્લાસ્ટી કીરને વૃધ્ધની જિંદગી બચાવી લીધી છે.



## શાકાહાર અને અધ્યાત્મ : સંત રાજીન્દરસિંહજી મહારાજ



આજે કેટલાય ડોકટરો દ્વારા લોકોને તંદુરસ્ત રહેવા માટે શાકાહારી ભોજન અપનાવવાનો ઉપાય બતાવવામાં આવે છે. એવું બતાવે છે કે શાકાહારી ભોજન જ આપણા શરીરને પર્યાપ્ત પોષણ આપે છે અને માંસાહારીથી થતી બીમારીઓથી બચાવ કરે છે. જોકે શાકાહારી ભોજનના અન્ય પહેલું પણ એટલા જ મહત્વપૂર્ણ છે. સંત-મહાત્મા આપણને સમજાવે છે કે શાકાહારી ભોજન સ્વાસ્થ્યની સાથે-સાથે આપણા ભોજન અને આપણી આધ્યાત્મિક ઉન્નતિમાં પણ ગાઢ સંબંધ છે.

અંતરમાં જોડાવવું આધ્યાત્મ માત્ર આપણા અંતરમાં જોડાવાનું જ નહીં પરંતુ આ એ રચનાના બધા જીવોથી પ્રેમ કરવો અને એમનું ધ્યાન રાખવાનું હોય છે. આધ્યાત્મમાં આપણે આપણું વાસ્તવિક સ્વરૂપ એટલે આપણી આત્મા જે પરમાત્માનો અંશ છે, એનો અનુભવ કરવાનો સમાવેશ છે. જેવી રીતે કે આ બ્રહ્માંડ, પૃથ્વી અને બધા જીવ પરમાત્માએ બનાવ્યા છે તો આ સ્વાભાવિક રૂપથી આપણી બધાની જવાબદારી છે કે આપણે બધા જીવોનો સન્માન કરીએ અને કોઈને હાની ન પહોંચાડીએ. આ કારણ છે કે જે લોકો પોતાની આત્માથી જોડાય છે, એ શાકાહારી ભોજન ને અપનાવે છે. એમને લાગે છે કે પરમાત્મા એ આપણને જીવતા રાખવા માટે પર્યાપ્ત માત્રામાં ફળ, શાકભાજી અને અનાજ આપ્યું છે. ભોજન ની માટે કોઈપણ જીવની હત્યા કરવાની કોઈ આવશ્યકતા નથી.

આપણે આપણા કર્મ માટે પોતે જ જવાબદાર છીએ. જાગૃત લોકોએ હંમેશા આપણને શીખ્યું છે કે જાનવરોમાં પણ ચેતનતા એટલે કે આત્મા હોય છે જે આપણી જેમ જ પરમાત્માનો અંશ છે. એટલા માટે જ શાકાહારી ભોજનનું આધ્યાત્મિક મહત્વ એ જ છે કે આપણે કોઈપણ જીવને તકલીફ નહીં આપીએ અથવા તેના પ્રાણ લઈશું નહીં. શાકાહારી ભોજન ધ્યાન અભ્યાસમાં પ્રગતિ કરવામાં મદદ કરે છે.

જે લોકો ધ્યાન અભ્યાસમાં સુધારો લાવવા અને રૂહાની ઉન્નતિ કરવા ઈચ્છે છે તેમને શાકાહારી ભોજન લાભ પહોંચાડી શકે છે. જે લોકો આધ્યાત્મિક રીતે આગળ વધવા ઈચ્છે છે અને પોતાની આત્માનો અનુભવ કરવા ઈચ્છે છે તેઓ ધ્યાન અભ્યાસ દ્વારા તે કરી શકે છે જે ફકત શાકાહારી ભોજનથી જ પ્રાપ્ત થઈ શકે છે. ધ્યાન અભ્યાસમાં ચેતનની જરૂરત હોય છે. ઘણીવાર આપણે ધ્યાન બહારના નજારાઓ, અવાજ, સુગંધ, સ્વાદ અને દુનિયાના આકર્ષણમાં લાગેલું રહે છે. અને આજે આપણને આંતરિક રૂહાની ઉપચારથી દૂર રાખે છે જેમ કે અંતરમાં જવા માટે એકાગ્રતાની જરૂર હોય છે.

ધ્યાન અભ્યાસમાં એકાગ્રતા માટે આપણે શાંત અને સંયમિત થવાની જરૂર છે. મૃત જીવોના ભોજનથી પરહેજ કરીને આપણને શું લાભ થશે ? જરા વિચારો ! કેટલા તણાવ સંબંધી હોર્મોન્સ આપણે આપણા શરીરમાં સામેલ કરી રહ્યા છીએ જે તે પશુ, પક્ષી અથવા માછલીમાં હાજર હોય છે, જયારે તેમને કસાઈ ઘરમાં રાખવામાં આવે છે અથવા મારી નાખવામાં આવે છે. જયારે આપણે તેનું સેવન કરીએ છીએ તો તે આપણા શરીરનો ભાગ બની જાય છે. આપણે જે ભોજન કરીએ છીએ તેનો પ્રભાવ ફકત આપણા શરીર, ભાવનાઓ અને બૌદ્ધિક રચના પર જ નહીં પરંતુ આપણી રૂહાની ચેતનતા ઉપર પણ પડે છે.

શાકાહારી ભોજન કરવાથી પ્રકૃતિના બહુ જ ઓછા તત્વોનો નાશ થાય છે. કેમ કે તેનું જીવન નષ્ટ કરવાનો સૌથી ઓછું પ્રમાણ હાજર છે. જે લોકો ધ્યાન અભ્યાસમાં તીવ્ર ગતિથી પ્રગતિ કરવા ઈચ્છે છે તેમના માટે શાકાહારી ભોજન કરવું મહત્વપૂર્ણ છે. વિના કેટલાક મહાન દાર્શનિક, કવિ, કલાકાર, લેખક અને જાગૃત લોકોપણ શાકાહારી રહ્યા છે જેમ કે આઈઝેક ન્યૂટન, મહાત્મા ગાંધી અને આલ્બર્ટ ેત જ એવા કેટલાક દાર્શનિક, વૈજ્ઞાનિક, પરોપકારી અને નેતાઓના ઉદાહરણ છે જેમણે અહિંસાનો રસ્તો અપનાવીને શાકાહારી ભોજન દ્વારા બીજા લોકોને પણ પ્રેરિત કર્યા છે.

જો આપણે એક કરૂણામય અહિંસાનું જીવન પસાર કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ અથવા આપણે મનને અંતરના ખજાના પ્રાપ્ત કરવા માટે શાંત કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ તો સ્વાભાવિક રૂપથી આપણે શરીરને એવું જ ભોજન આપવા માંગીશું કે જે આપણા લક્ષ્ય સુધી પહોંચવામાં આપણી મદદ કરે. જયારે રોમના મહાન કવિ શેનેકાએ પાયથાગોરસની શિક્ષાને સમજયા તો તેઓ શાકાહારી બની ગયા. તેમણે એક આનંદથી ભરેલું બદલાવ પ્રાપ્ત કર્યો અને તેમને આશ્ચર્ય થયું કે તેમનું મસ્તિષ્ક વધારે જાગૃત અને સતત થઈ ગયું હતું.

મહાન ભૌતિક વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈને કહ્યું છે કે ' મનુષ્યને સ્વસ્થ જીવન જીવવા માટે કોઈપણ વસ્તુ એટલો લાભ નથી આપી શકતી જેટલું કે શાકાહારી ભોજન'.

જે લોકો આખી માનવ જાત માટે પ્રેમ અને અહિંસાથી ભરેલું જીવન પસાર કરવા ઈચ્છે છે અને પોતાની રૂહાની પ્રગતિ કરવા ઈચ્છે છે તો શાકાહારી ભોજન તેમને મદદ કરી શકે છે.

આપણને પરમાત્માની રચનામાં ન ફકત પોતાનાથી નાના જીવો અને પૂરી માનવતા પ્રત્યે દયા અને કરૂણાનો વ્યવહાર કરવો જોઈએ પરંતુ સ્વયં પોતાની જાત પર પણ દયા કરવી જોઈએ. તો આવો આપણે આપણા જીવનમાં શાકાહારી ભોજન અપનાવીએ અને સૃષ્ટિના બધા જીવો પ્રત્યે પોતાનો પ્રેમ વ્યકત કરીએ અને સાથે સાથે પોતાની આધ્યાત્મિક પ્રગતિ તરફ વધીએ.

**સાવન કૃપાલ રૂહાની મિશનની વધુ વિગતો માટે સંપર્ક કરો**
**૯૮૨૫૪૬૭૧૧૦**
**skrmzn12@gmail.com**

### તાલુકા આરોગ્ય કચેરી દ્વારા

## અમરેલી જિલ્લામાં ''વિશ્વ વસ્તી દિવસ''ની ઉજવણી કરાઇ

**લેપ્રોસ્કોપીક ટી.એલ. (સ્ત્રી નસબંધી) મેગા કેમ્પ યોજાયો**

અમરેલી, તા. ૧૩

"વિશ્વ વસ્તી દિવસ" ઉજવણી અંતર્ગત જિલ્લા વિકાસ અધિકારી દીનેશ ગુરવ તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ. જોષી, આરસીએચઓ ડો. સાલવી કયુએમઓ ડો. આર.કે. જાટનાં સીધા માર્ગદર્શન નીચે અમરેલી તાલુકા હેલ્થ કચેરી દ્વારા તાલુકા હેલ્થ ઓફીસર ડો. આર.કે. સિન્હા અર્થાત પ્રયત્નથી ગુજરાત સરકાર દ્વારા તા. ૧૧/૦૭/૨૨ થી તા. ૨૪/૦૭/૨૨ દરમ્યાન "વિશ્વ વસ્તી દિવસ પખવાડીયા" ઉજવણી નિમીતે તા. ૧૩/૭/૨૩ ને ગુરૂવારના રોજ લેપ્રોસ્કોપીક ટી.એલ. (સ્ત્રી નસબંધી) કેમ્પનું આયોજન કરવામાં આવેલ આ (સ્ત્રી નસબંધી) મેગા કેમ્પમાં અમરેલી તાલુકાના ૨૨ તથા બગસરા તાલુકાના ૦૧ તથા કુકાવાવ તાલુકાના ૦૩ કેસ કુલ ૨૬ કેસો થયેલ આ પખવાડીયા દરમ્યાન સરકાર દ્વારા ખાસ કરીને આરોગ્ય વિષયક બાબતે ચર્ચા કુટુંબ કલ્યાણ વિશે લક્ષીત દંપતીઓ સાથે સમપરામર્શ કરવી અને લગ્નની નિયત ૨૧ વર્ષની ઉંમર બાદ જ કરવા અને પ્રથમ બાળક લગ્ન પછી તરત જ નહી બે બાળકો વચ્ચે સુરક્ષિત ઓછામાં ઓછુ ૩ વર્ષનું અંતર નાનુ કુટુંબ સુખી કુટુંબ ભારપૂર્વક ચર્ચા કરવી અને ખાસ ધ્યેય તો માતામરણ અને બાળમરણ અટકાવવાનો છે જે સાર્થક થાય "કુટુંબ નીયોજનને સુખનો વિકલ્પ બનાવીશું" સૂત્રને સાર્થક કરીએ.





ઉપરોકત મેગા કેમ્પને સફળ બનાવવા પ્રા.આ.કે.ના જાળીયા/શેડુભાર/વાંકીયા/અર્બન-૧ અને અર્બન-૨ ના તમામ સ્ટાફએ ભારે જહેમત ઉઠાવી હતી અને તમામ સ્ટાફના સાથ અને સહકારથી કેમ્પ સફળ થયેલ સર્જન કેશોદ સીએચસી ડો. એ.આર. વિરડીયા તથા અમરેલી તાલુકા હેલ્થ ઓફીસર ડો. આર.કે. સીન્હાએ ઓપરેશન કરવામાં આવેલ.

સ્ત્રી/પુરૂષ નસબંધી કેમ્પ ગ્રામ્ય કક્ષાએ દર સોમવારે શેડુભાર, દર ગુરૂવારે વાંકીયા, જાળીયા દર શુક્રવારે મોટા આંકડીયા, મેડીકલ કોલેજ અમરેલી ખાતે દરરોજમાં કરવામાં આવશે. વધુ માહિતી માટે ત્યાંના આશાબહેનો તથા મેઈલ/ફીમેલ કર્મચારીનો સંપર્ક કરવો. તેમ એક યાદી તાલુકા હેલ્થ સુપરવાઈઝર જે.બી. જોષીની યાદી જણાવે છે.

### કેન્દ્રીય મંત્રી પરષોતમભાઈ રૂપાલાના અધ્યક્ષ સ્થાને

## અમરેલી ખાતે નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા આયોજિત યુવા મહોત્સવ કાર્યક્રમ યોજાયો

**અમર ડેરીના ચેરમેન અશ્વિન સાવલિયા પણ ઉપસ્થિત રહ્યા**

અમરેલી, તા.૧૩

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત નહેરૂ યુવા કેન્દ્ર અમરેલી દ્વારા આયોજિત 'યુવા મહોત્સવ' કેન્દ્રીય મત્સ્યોદ્યોગ પશુપાલન અન ડેરી મંત્રી પરષોતમભાઈ રૂપાલાના અધ્યક્ષ સ્થાને સંપન્ન થયો હતો.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી પરષોતમભાઈ રૂપાલાએ યુવાનોને આઝાદીના ૧૦૦ વર્ષ બાદ ૨૦૪૭ના ભારતની પરિકલ્પના અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલા સંકલ્પ વિશે વિગતે વાત કરી હતી. મંત્રીએ જણાવ્યુ કે, આઝાદીના ૧૦૦ વર્ષ બાદ વર્ષ ૨૦૪૭ના ભારતની કલ્પના કરી અને તેના માટે સૌએ પુરૂષાર્થ કરવાનો છે, હવે દેશ માટે જીવવાનો સમય આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અમૃતકાળની વેળાએ ભારતને વિકાસશીલ રાષ્ટ્રમાંથી વિકસિત રાષ્ટ્ર બનાવવાનું કાર્ય થઈ રહ્યું છે. આ પંચ પ્રણ સાથે આગામી ૨૫ વર્ષ સૌએ કાર્ય કરવાનું છે. સરદાર વલ્લભભાઈ પટેલે એક ભારત બનાવ્યું આપણે શ્રેષ્ઠ ભારત બનાવવાનું છે. દેશમાં વર્ષ ૨૦૧૪ બાદ કેન્દ્ર સરકાર દ્વારા દરેક મોરચે ઉત્તમ કામગીરી થઈ રહી છે.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીએ યુવાનોની સાંસ્કૃતિક કૃતિઓ નિહાળી તેમને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમ બાદ તેઓએ ડી.એલ.એસ.એસ. સંચાલિત ફાયરિંગ રેંજની મુલાકાત કરી હતી અને વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીએ કેમ્પસ સાથેની પોતાની જૂની યાદો વાગોળી હતી.






કાર્યક્રમના પ્રારંભે નહેરૂ યુવા કેન્દ્ર અમરેલીના જિલ્લા યુવા અધિકારીએ કેન્દ્રીય મંત્રીનો સ્વાગત સત્કાર કર્યો હતો. તેમણે અમૃતકાળના પંચપ્રણ વિકસિત ભારતનું નિર્માણ, ગુલામીના વિચારોમાંથી મુકિત, વારસા પર ગર્વ, એકતા, નાગરિક કર્તવ્ય વિશે માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી રેખાબેન મોવલિયા, નગરપાલિકાની કારોબારી સમિતિના અધ્યક્ષ શેખવા, અમર ડેરીના ચેરમેન અનિભાઈ સાવલિયા, એન.સી.સી.ના સી.ઓ. રાઠોડ, કેમ્પસના ટ્રસ્ટીગણ, ડાયરેકટર અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સહકારી ક્ષેત્રમાં વધારેને વધારે પારદર્શિતા જરૂરી બની

# ભાવનગર ડિસ્ટ્રીકટ કો–ઓપ. બેન્કનું 'લ્યો લોન અને કરો મનીલોંડરીંગ કે કો–ઓપ. મનીલોંડરીંગ ?'

### ફેક લોન કેસથી બે મંડળીઓને મેન્ડેટરી પ્રક્રિયા વગર એક–એક કરોડથી વધુનું ધીરાણ મંજૂર

ભાવનગર, તા. ૧૩

દેશની આઝાદી બાદ ખેતી વિષયક ધિરાણનું માળખુ બનાવવા માટે જેની સ્થાપના થયેલ તેવી રાજયમાં ૧૮ જેટલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કો સમગ્ર રાજયમાં વર્ષોથી તેની સભાસદ મંડળીઓ મારફત ખેડૂતોને ખેતી વિષયક ધિરાણની કામગીરી કરે છે અને રાજયના લાખો ખેડૂતો આ ત્રસ્તરીય કૃષિ ધિરાણ માળખાની ચેનલથી કેસીસી–મધ્ય અને લાંબાગાળાની વિવિધ કૃષિ વિષયક લોનો જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કો મારફત મેળવે છે. શ્રી ભાવનગર ડીસ્ટ્રીકટ કો–ઓપ. બેન્ક લી. કે જે ભાવનગર જિલ્લાની મધ્યસ્થ સહકારી બેન્ક છે તેણે (૧) બળવંતરાય મહેતા તેલીબીયા ઉત્પાદક અને ઓઈલ પ્રો. કો–ઓપ. સો.લી.ને રૂા. ૧.૨૪ કરોડનું ધિરાણ મંજૂર કરી તે પૈકી રૂા. ૫૦ લાખ બેન્કની તળાજા શાખાાં મંડળીના ખાતામાં જમા આપેલ છે. તેવી જ રીતે (૨) ભાવનગર જિલ્લા કોટન માર્કેટીંગ યુનિયન સો.લી.ને રૂા. ૧.૪૨ કરોડનું ધિરાણ મંજૂર કરી તે પૈકી રૂા. ૫૦ લાખ બેન્કની તળાજા શાખામાં મંડળીના ખાતામાં જમા આપેલ છે. વાસ્તવમાં આ બન્ને મંડળીની નોંધણી મુજબ રજી. ઓફીસ પ્રોપર ભાવનગર શહેરમાં છે. આ બન્ને મંડળીઓને બેન્કે મેન્ડેટરી પ્રોસેસ કર્યા વિના કે મંડળીની વિધીસર માંગણી વિના સીધા જ ફેકલોન કેસ પધ્ધતીએ મંડળીના ખાતામાં તા. ૨૯/૧૦/૨૦૨૨ નાં રોજ રૂા. ૫૦–૫૦ લાખ જમા આપેલ છે.

### બેન્કે સીકયોરીટી તારણમાં લીધા વગર લોન પેટે રૂા. ૫૦–૫૦ લાખનું ચુકવણું કર્યુ

અત્યંત ગંભીર વાત તો એ છે કે આટલી મોટી રકમનું ચુકવણું કોઈપણ સીકયોરીટી લીધા વગર કરેલ છે અને વળી પાછા એજ દિવસે શ્રી બ.મ.તે.ઉ.પ્રો.સો.લી.ના લોન ખાતામાં રૂા. ૫૦ લાખ રોકડા અને શ્રી ભાવનગર જિલ્લા કો.મા.યુ.સો.લી.ના લોન ખાતામાં રૂા. ૨૫ લાખ રોકડા જમા લીધા અને બાકીના રૂા. ૨૫ લાખ તા. ૧૧/૧૧/૨૦૨૨ સુધીમાં ટ્રાન્સફરથી જમા લીધેલ છે. આમ રૂા. ૭૫ લાખ રોકડ વ્યવહારથી પરત લીધેલ છે. જે આરબીઆઈનાં નિયમ અને ઈન્કમટેક્ષના નિયમ મુજબ આવો રોકડ વ્યવહાર એ તપાસને પાત્ર છે. ઉપરાંત કહેવાતી (૧) શ્રી બ.મ.તે.ઉ.ઓ. પ્રો.સો.લી. અને (૨) શ્રી ભાવનગર જિલ્લા કો.મા.યુ.સો.લી. મંડળીના હોદેદારો જ આ પ્રકારનાં લોનકેસથી અજાણ હતા અને જયારે ખાતામાં નાણા આવ્યા ત્યારે ખબર પડી તો તરત જ હોદેદારોએ બેન્કને જાણ કરેલ કે અમરેલી આ પ્રકારની લોન કેસ કર્યા હોવાની જાણ નથી કે મંડળીએ આવો કોઈ ઠરાવ કરેલ નથી. જેમાં શ્રી બ.મ.તે.ઉ.પ્રો.સો.લી. ના ઉપપ્રમુખ તો ભાવનગર ડીસ્ટ્રીટક કો–ઓપ.બેન્ક લી.નાં ડીરેકટર છે તેમણે બેન્કને આવી જાણ કરવી પડી.

### મંડળીઓની રજી. ઓફીસ ભાવનગર હોવા છતાં બેન્કની ભાવનગર શાખાને બદલે તળાજા શાખામાંથી ધીરાણ આપ્યું

આમ બન્ને મંડળીમાં રૂા. ૫૦ લાખ અને રૂા. ૨૫ લાખ મળી રૂા. ૭૫ લાખનું રોકડ ટ્રાન્ઝેકશન થયેલ છે અને એ પણ ફેક લોન કેસની પધ્ધતીએ છતાં આરબીઆઈ, નાબાર્ડ, રાજય સહકારી બેન્ક, રાજય રજીસ્ટ્રાર કે ઈન્કમટેક્ષ તરફથી કોઈ તપાસ કે કાર્યવાહી શરૂ થઈ નથી. રૂપિયા એક કરોડ જેવી મોટી રકમ કોઈપણ સિકયોરીટી વગર ધિરાણ પેટે ચુકવણું કરી એજ દિવસે રૂા. ૭૫ લાખ રોકડમાં જમા લેવાના શંકાસ્પદ વ્યવહારને કારણે બેન્કની સાથોસાથ સરકાર અને પક્ષને ટીકાપાત્ર બનવું પડે અને પક્ષની પ્રતિષ્ઠાને પણ અસર પહોંચે તેવું થયું છે. જેને કારણે પ્રતિસ્પર્ધીઓ અને નેગેટીવ વિચારનારાઓને પણ મોકો આપવા જેવું થયું છે. ત્યારે આ બાબતે આરબીઆઈ, નાબાર્ડ, ઈન્કમટેક્ષ, રાજય સહકારી બેન્ક કે સરકાર ખેડૂતો–સહકારીતા અને જાહેર હિતમાં નિયમાનુસાર કાર્યવાહી કરે તેવી અપેક્ષા અને લોક લાગણી છે. સાથે સ્થાનિક કાર્યકરોની પણ એવી લાગણી અને ભાવના છે કે બેન્કના વહિવટને કારણે સરકાર કે પક્ષની પ્રતિષ્ઠાને કોઈ આંચ ન આવવી જોઈએ કે આંગળી ચીંધવાની તક ન મળવી જોઈએ.

### તા. ૨૯/૧૦/૨૨ એ ધીરાણ આપ્યું અને એજ દિવસે રૂા. ૭૫ લાખ રોકડ વ્યવહારોથી પરત લીધા

---

## મોં માંગ્યા મેહથી સૌ કોઇ ખુશ

# ઉનામાં ૨ ઇંચ વરસાદથી અનેક વિસ્તારોમાં ગોઠણડુબ પાણી ભરાયા

### સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઇ

ઉના, તા. ૧૩

ઉના શહેર તથા ગ્રામ્ય પંથકમાં સવારથી જ બે ઈંચથી વધુ વરસાદ વરસી જતા ઉનાના નીચાણવાળા વિસ્તાર વરસીંગપુર રોડ, ટાવર ચોક, પોસ્ટ ઓફિસ ચોક તથા આનંદ બઝારમાં ૧ ફુટ પાણી ભરાઈ ગયા હતા અને ઉનાના સામતેર, સનખડા, અમોદ્રા, ઉમેજ, નવાબંદર, સીમર સહિતના ગામોમાં ધોધમાર બે ઈંચ થી વધુ વરસાદ વરસતા વાતાવરણ માં પણ ઠંડક પ્રસરી હતી



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

---

## અમરેલીની કોર્ટમાં કેસ ચાલી જતાં

# બાબરા : અમરાપરામાં પત્ની ઉપર જીવલેણ હુમલો કરનાર પતિ નિર્દોષ

### આરોપી તરફે એડવોકેટ ભાવેશ રાઠોડે દલીલ કરી

અમરેલી, તા. ૧૩

બાબરાના અમરાપરા વિસ્તારમાં પત્ની ઉપર કેરોસીન છાંટી દીવાસળી ચાપી સળગાવાનો પ્રયાસ કરનાર પતિને નિર્દોષ જાહેર કર્યા. આરોપી તરફે એડવોકેટે ભાવેશ બી. રાઠોડ રોકાયા હતા.

આ બનાવની ટૂંકી હકીકત એવી હતી કે, આ કામના આરોપી મગનભાઈ નાથાભાઈ વરછડા રહે. બાબરાવાળો આ કામના ફરિયાદી તે આરોપીના પત્ની થાય છે, જેઓ ફરીયાદીને ઘર ખર્ચ માટે રૂપિયાની માંગણી કરતા હોય જેથી આરોપી આ કામના ફરિયાદીને શારીરિક–માનસિક દુઃખ–ત્રાસ આપતા હોય અને ગઈ તા. ૬/૧/૨૩ ના રોજ બપોરના આશરે ત્રણેક વાગે ફરિયાદી પોતાના ઘરે હાજર હોય. આ કામના આરોપી ઘરે આવતા તેની પાસે ઘર ખર્ચ માટે રૂપિયાની માંગણી કરતા આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ ફરિયાદીને લાકડી વડે આડેધડ માર મારી વાંસાના ભાગે મુંઢ ઈજા કરી તેમજ ફરિયાદીનું ગળું દબાવી જાન લેવા હુમલો કરી તેમજ ફરિયાદીને



એડવોકેટ ભાવેશ રાઠોડ

જાનથી મારી નાખવાના ઈરાદે આરોપીએ ફરિયાદી ઉપર કેરોસીન છાંટી, દીવાસળી ચાંપી સળગાવી દઈ ફરિયાદીને છાતીના ભાગે તથા પેટના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ કરી જીવલેણ હુમલો કરેલ. જેથી બાબરા પોલીસમાં ગુન્હો નોંધાયેલ. જેથી આ કામના આરોપીને તા. ૭/૧/૨૦૨૩ આ રોજ ધરપકડ કરી આરોપી સામે સેશન્સ કેસ ટ્રાયલ ચાલી જતા તા. ૬/૭/૨૦૨૩ ના રોજ આરોપીને શંકાનો લાભ આપી અમરેલી પ્રિન્સિપાલ ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ જજ ધ્વારા નિદોષ છોડી મુકવાનો હુકમ કરેલ. આરોપી તરફે એડવોકેટ ભાવેશ બી. રાઠોડ રોકાયા હતા.

---

## એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# ઉનાનાં સનખડા ગામનાં યુવકની હત્યા કેસનાં તમામ પાંચ આરોપીની અટકાયત

### નવાબંદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૩

ઉનાના સનખડા ગામના પરણિત યુવકે પિતરાઈ ભાઈની પત્ની સાથે મૈત્રી કરાર કરેલ હોય. જે મહિલાના પતિ, મૃતક યુવકના ભાઈઓ અને પિતરાઈ ભાઈઓને પસંદ ન આવતા ફરિયાદી મહિલા અને મૃતક યુવકને માણેકપુર ગામે ભેગા જોઈ જતાં ફરિયાદી મહિલાના પતિ અને મૃતકના ભાઈઓએ સાથે મળી હુમલો કરતા મારામારીનો બનાવ હત્યામાં પલટતા ગીર સોમનાથ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ ટીમે આરોપીઓને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી.

ઉનાના સનખડા ગામે રહેતા પરણિત યુવક દોલુ ધીરૂભાઈ ઝાલા ઉંમર વર્ષ ૪૦ વાળાઓ પરણિત જીતુબા ઉર્ફે જીજ્ઞા કનુભાઈ ભીમભાઈ ઝાલા નામની મહિલાને ભગાડી ગયેલ હોય અને મૈત્રી કરાર કરેલ હોય અને મૃતક દોલુ ધીરૂભાઈ ઝાલા અને મહિલાના પરિવારના લોકો સાથે સમાધાન પણ થયેલ હોય. બાદમાં ફરી બંને ભાગી ગયેલ હોય અને મૃતક દોલુ ઝાલા અને જીતુબા બંને સનખડા ગામની સીમમાં આવેલ દોલુ ઝાલાની વાડીએ આવેલ છે.

ત્યાં આરોપીઓએ તપાસ કરવા જતા માણેકપુર જવાના રોડ પર આ મૃતક યુવક અને મહિલા બંનેને આરોપીઓ ભેગા જોઈ જતા જીતુબા ઉર્ફે જીજ્ઞાના પતિ કનુભાઈ ભીમભાઈ ઝાલા, જીલુભાઈ ભીમભાઈ ઝાલા બંને મૃતકના પિતરાઈ ભાઈઓ, કથુભાઈ ધીરૂભાઈ ઝાલા, વિક્રમસિંહ ધીરૂભાઈ ઝાલા બંને મૃતકના સગા ભાઈઓ, રહે. સનખડા તથા ફરિયાદી મહિલાનો સગો ભાઈ વિજય ઉર્ફે વીજુ ઘુઘાભાઈ ગોહિલ રહે. સોંદરડી, તા. ઉનાવાળાઓએ મૃતક દોલુ સાથે માણેકપુર ગામે બોલાચાલી કરી હુમલો કરતા યુવકને હાથ–પગ અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થયેલ હોય. ત્યારે પરિવારજનો દ્વારા ઉના સિવિલ હોસ્પિટલ અને વધુ સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવેલ હતો. ત્યારે સારવાર મળે તે પૂર્વે જ દમ તોડતા મારામારીનો બનાવ હત્યામાં પલટતા મૃતક યુવકે મૈત્રી કરાર કરેલ પિતરાઈ ભાઈની પત્ની જીતુબા ઉર્ફે જીજ્ઞાએ ફરિયાદ નોંધાવતા પોલીસે કનુ ભીમભાઈ ઝાલા, જીલુ ભીમભાઈ ઝાલા, કથુ ધીરૂભાઈ ઝાલા, વિક્રમસિંહ ધીરૂભાઈ ઝાલા, વિજય ઉર્ફે વીજુ મળી કુલ પાંચ ઈસમોએ મૃતક યુવક પર લોખંડના પાઈપ અને લાકડાના ધોકા વડે હુમલો કરતા હાથ–પગ અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા ઉના સિવિલ હોસ્પિટલ અને વધુ સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવતા સારવાર મળે તે પહેલા જ દોલુએ દમ તોડતા મારામારીનો બનાવ હત્યામાં પલ્ટતા નવાબંદર મરીન પોલીસે ગુન્હો નોંધી હત્યા થયેલ સ્થળ નક્કી કરી રહી હતી. ત્યારે ઉના પોલીસ ઈન્સ. એન.કે. ગૌસ્વામી સહિતની ટીમ તેમજ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચના પ્રવીણ મોરી, પ્રફુલ વાઢેર, રાજુ ગઢીયા, સંદીપ ઝણકાટનાઓએ હત્યારાઓને ગણતરીની કલાકોમાં ઝડપી હત્યાનો ભેદ ઉકેલી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.





"અમરેલી એક્સપ્રેસ"

અમરેલી શહેરમાં આપને "અમરેલી એક્સપ્રેસ" દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ

ટાયર–ટ્યુબ, ઓઈલ–ગ્રીસ, વ્હીલ–પ્લેટ–ધરા, જેક–ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ

સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.

સંજય ટ્રેડ લીંક ટોયોટા શો–રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪












### રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું

# રાજ્યમાં ચોવિસ કલાકમાં ૮૭ તાલુકામાં વરસાદ થયો

## નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં સૌથી વધુ વરસાદ નોંધાયો, અમરેલીમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરી

ગાંધીનગર, તા.૧૩

રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું હોય તેવું લાગી રહ્યું છે ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૮૭ તાલુકામાં વરસાદ નોંધાયો છે જેમાં નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં સૌથી વધુ નોંધાયો હતો. આ સિવાય અમરેલીમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરી હતી.

રાજ્યમાં નોંધાયેલા વરસાદમાં નવસારીના ચીખલીમાં સૌથી વધારે ૪.૫ ઈંચ વરસાદ ખાબક્યો હતો જેના પગલે ઠેર-ઠેર પાણી ભરાય ગયા હતા. આ સિવાય અમરેલીના ગણદેવીમાં ૩.૫ ઈંચ, ખેરગામ અને નવસારીમાં ૩-૩ ઈંચ, ઉમરપાડામાં પોણા ૩ ઈંચ, ડોલવણમાં ૨.૫ ઈંચ વરસાદ વરસ્યો હતો. અમરેલીમાં છેલ્લા ૨૪ કલાકમાં મેઘરાજા મન મુકીને વરસ્યા હતા અને શહેરમાં બે કલાકમાં ત્રણ ઈંચ વરસાદ ખાબક્યો હતો જેથી રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. આ સાથે જો છેલ્લા બે કલાકની વાત કરીએ તો રાજ્યના ૩૮ તાલુકામાં વરસાદ નોંધાયો હતો જેમા નવસારીના ગંડવી તાલુકામાં સૌથી વધુ વરસાદ વરસ્યો હતો. સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક વરસાદના કારણે જળાશયોમાં નોંધપાત્ર આવક થવા સાથે અનેક ડેમ ઓવરફ્લો થયા છે. જુનાગઢ જિલ્લાનો મધુપરી ડેમ છલકાતા મેંદરડા અને વંથલીના ૧૦ જેટલા ગામોમાં એલર્ટ અપાયું છે.

ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ વરસતા જળાશયોમાં નવા નીર આવ્યા હતા. ત્યારે ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૫૯.૧૫ ટકા અને મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૩૩.૧૫ ટકા જ્યારે દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૩૬.૨૯ ટકા તેમજ સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૬૦.૭૦ ટકા જેટલો પાણીનો જથ્થો છે. આ સિવાય કચ્છના ૨૦ જળાશ્યોમાં ૬૪.૧૦ ટકા જેટલો પાણીનો જથ્થો છે. આ ઉપરાંત રાજ્યના ૪૧ જળાશયો હાઈ એલર્ટ પર છે જેમા ૯૦ ટકાથી વધુ તેમજ ૧૪ જળાશયો એલર્ટ પર છે જેમા ૮૦ ટકાથી ૯૦ ટકા સુધી તથા ૧૭ જળાશયો વોર્નિંગ પર છે જેમા ૭૦ ટકાથી ૮૦ ટકા સુધી પાણીનો જથ્થો છે. આ સિવાય રાજ્યના ૨૦૬ જળાશયોમાંથી ૧૩૪ જળાશયોમાં ૭૦ ટકાથી ઓછો પાણીનો જથ્થો છે. રાજ્યમાં અનેક જિલ્લાઓમાં મેઘમહેર થતા અનેક જળાશ્યોમાં નવા નીર આવતા પાણીના જથ્થાનો સંગ્રહ થયો છે. રાજ્યમાં જળ સંપતિ વિભાગના અહેવાલ અનુસાર આ વર્ષે નર્મદા સહિત ૪૮.૭૪ ટકા જળાશયો ભરાયા છે. આ સિવાય ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ-જળાશયમાં કુલ સંગ્રહ શક્તિના ૬૦.૩૪ ટકા પાણીના જથ્થાનો સંગ્રહ થયો છે. જ્યારે રાજ્યના ૩૦ જળાશયો ૧૦૦ ટકા એટલે કે સંપૂર્ણ છલકાયા છે.

### રાજ્ય સરકાર રાજ્યમાં ઘટતા જતા શિક્ષણના સ્તરને લઇને ચિંતિત

# ધો. ૧૦ અને ૧૨માં ઝીરો રિઝલ્ટવાળી શાળાઓ પર તવાઈ કરવામાં આવશે

## ઝીરો રિઝલ્ટ આપનારી સ્વ નિર્ભર શાળાઓ બંધ કરવામાં આવશે, જે ગ્રાન્ટ-ઈન-એડ શાળાઓનું પરિણામ ઝીરો આવ્યું છે તેની ગ્રાન્ટમાં પણ કાપવામાં આવશે

ગાંધીનગર, તા.૧૩

રાજ્ય સરકાર રાજ્યમાં ઘટતા જતા શિક્ષણના સ્તરને લઈને ચિંતિત બની છે, સરકાર હવે એક્શન મોડમાં આવી છે. તાજેતરમાં જ લેવાયેલી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨માં ઓછુ પરિણામ લાવનારી શાળાઓ પર કાર્યવાહી કરવાની શરૂઆત કરી છે. માહિતી છે કે, રાજ્યમાં ઓછુ પરિણામ આપનારી શાળાઓને બંધ કરવામાં આવશે.

મળતી માહિતી પ્રમાણે, રાજ્યમાં તાજેતરમાં લેવાયેલી ધોરણ ૧૦ અને ૧૨માં ઝીરો રિઝલ્ટવાળી શાળાઓ તવાઈ આવશે, એટલે કે રાજ્ય સરકારે મોટી કાર્યવાહી કરવાના સંકેત આપ્યા છે. આ વર્ષે જે શાળાનું ઝીરો રિઝલ્ટ આવ્યું છે તે બંધ કરવામાં આવશે, ઝીરો રિઝલ્ટ આપનારી સ્વ નિર્ભર શાળાઓ બંધ કરવામાં આવશે, જે ગ્રાન્ટ-ઈન-એડ શાળાઓનું પરિણામ ઝીરો આવ્યું છે તેની ગ્રાન્ટમાં પણ કાપવામાં આવશે, એટલુ જ નહીં ઝીરો પરિણામ વાળી સરકારી શાળાઓના શિક્ષકો ઉપર પગલાં ભરવામા આવશે. આ તમામ કાર્યવાહીમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સમીક્ષા કરવામાં આવશે. આ સમીક્ષા બાદ આગામી દિવસોમાં આ નિર્ણય જાહેર કરવામાં આવી શકે છે. ચોંકાવનારી વાત એ છે કે, આ વર્ષે ધોરણ ૧૦ની ૧૫૭ શાળાઓનું પરિણામ ઝીરો આવ્યું છે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૨૭ અને વિજ્ઞાન પ્રવાહમાં ૪૯ શાળાઓનું પરિણામ ઝીરો આવ્યું છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૩માં લેવાયેલી ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ આજે જાહેર થયું છે.. જોકે આશ્ચર્યની વાત એ છે કે વર્ષ ૨૦૨૨ની સરખામણીએ આ વર્ષે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૧૩ ટકા ઓછું આવ્યું છે. ગત વર્ષે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૮૬.૯૧ ટકા હતું જે આ વર્ષે ઘટીને ૭૩.૨૭ ટકા થઈ ગયું છે. બોર્ડના અધિકારીનું કહેવું છે કે, કોરોનાકાળમાં માસ પ્રમોશન આપવામાં આવ્યું હતું, શાળાઓ બંધ રહી હતી, ઓનલાઈન શિક્ષણ મેળવ્યું હતું અને ગયા વર્ષની સરખામણીએ ૫૮ હજાર બાળકો વધુ હોવાના કારણે પરિણામ પર અસર જોવા મળી છે અને પરિણામની ટકાવારી ઘટી છે.

વર્ષ ૨૦૨૨ની સરખામણીએ આ વર્ષે એટલેકે વર્ષ ૨૦૨૩નું ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૧૩ ટકા ઘટયું છે... પરિણામે માત્ર નાપાસ થનારા વિદ્યાર્થીઓની સંખ્યા જ વધી છે એવુ નહિ સારું પરિણામ લાવનાર શાળાઓ અને કેન્દ્રની સંખ્યામાં પણ ઘટાડો થયો છે. ઈંગ્લિશ સેકન્ડ લેન્ગવેજ વિષયમાં ૫૪૨૩૯ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. ગુજરાતી ફર્સ્ટ લેન્ગવેજ વિષયમાં ૩૪૦૮૯ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે.

### ચંદ્રયાન-૩ આજે લોન્ચ કરાશે

# વૈજ્ઞાનિકોની ટીમ ચંદ્રયાન-૩નું મોડલ લઈ તિરુપતિ મંદિરે પહોંચી

## તિરુપતિ મંદિરમાં ઈસરોના વૈજ્ઞાનિકોએ પૂજા અર્ચના કર્યા બાદ નાનું મોડલ બતાવીને કહ્યું કે આ ચંદ્રયાન-૩ છે

તિરૂપતિ, તા.૧૩

ઈસરો આવતીકાલે બપોરે ૨.૩૫ વાગ્યે આંધ પ્રદેશના શ્રી હરિકોટા સ્થિત સતીશ ધવન સ્પેશ સેન્ટરથી ચંદ્રયાન-૩ લોન્ચ કરવાનું છે ત્યારે ઈસરોના વૈજ્ઞાનિકોની એક ટીમ ચંદ્રયાન-૩નું નાનું મોડલ લઈને તિરુપતિ વેંકટચલપતિ મંદિરે સફળ લોન્ચિંગ માટે પ્રાર્થના કરવા પહોંચી હતી.

આંધ્રપ્રદેશના તિરુપતિ વેંકટચલપતિ મંદિરમાં ઈસરોના વૈજ્ઞાનિકોએ પૂજા અર્ચના કર્યા બાદ તેણે નાનું મોડલ બતાવીને કહ્યું કે આ ચંદ્રયાન-૩ છે. આવતીકાલે તેનું લોન્ચ કરવામાં આવશે. ઈસરોએ તાજેતરમાં જાહેરાત કરી હતી કે ઈસરો ચંદ્રયાનનું ત્રીજું મિશન આવતીકાલે લોન્ચ કરશે. આ પહેલા મંગળવારે ઈસરોના વૈજ્ઞાનિકોએ ચંદ્રયાન-૩નું ચંદ્ર પર ઉતરાણનું સફળતાપૂર્વક રિહર્સલ કર્યું હતું. ઈસરો તરફથી એક ટ્વિટમાં કહેવામાં આવ્યું છે કે લોન્ચિંગની સમગ્ર તૈયારી અને ડમી સ્વરૂપમાં પ્રક્રિયાનું ૨૪ કલાકનું રિહર્સલ સફળતાપૂર્વક પૂર્ણ થયું છે. અગાઉ ઈસરોએ ચંદ્રયાન-૧ અને ચંદ્રયાન-૨ એમ બે મિશન લોન્ચ કર્યા હતા. જો કે બંને સપાટી પર સફળતા પુર્વક ઉતરી શક્યા ન હતા.

ઈસરોના અધિકારીઓના જણાવ્યા અનુસાર ચંદ્રયાન-૩ મિશન ચંદ્રયાન-૨નો આગળનો તબક્કો છે જે ચંદ્રની સપાટી પર ઉતરશે અને પરીક્ષણો કરશે. તેમાં પ્રોપલ્શન મોડ્યુલ, લેન્ડર અને રોવર હશે. ચંદ્રયાન-૩નું ધ્યાન ચંદ્રની સપાટી પર સુરક્ષિત ઉતરાણ કરવા પર છે. મિશનની સફળતા માટે નવા સાધનો બનાવવામાં આવ્યા છે. અલ્ગોરિધમ્સમાં સુધારો કરવામાં આવ્યો છે. ચંદ્રયાન-૨ મિશન ચંદ્રની સપાટી પર કયા કારણોસર ઉતરી શક્યું નથી તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ચંદ્રયાન-૩ આવતીકાલે બપોરે ૨:૩૫ વાગ્યે શ્રીહરિકોટા કેન્દ્રથી લોન્ચ કરવામાં આવશે અને જો બધુ યોજના મુજબ ચાલશે તો ૨૩ અથવા ૨૪ ઓગસ્ટે ચંદ્ર પર ઉતરશે. આ પહેલા ગઈકાલે શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતે ચંદ્રયાન-૩ ધરાવતી એંક્રેપ્સ્યુલેટેડ એસેમ્બલી એલવીએમ-૩ સાથે જોડવામાં આવી હતી. આ મિશનથી ભારત અમેરિકા, રશિયા અને ચીન બાદ ચંદ્ર પર સોફ્ટ લેન્ડ કરનાર વિશ્વનો ચોથો દેશ બની જશે.

### પીએમ આવાસ યોજનાના માપદંડમાં ફેરફાર કરાયો

# પીએમએવાય માટે આવકની મર્યાદા ૩થી વધારીને ૬ લાખ

## મહારાષ્ટ્ર સરકારની વિનંતી પર મુંબઈ મેટ્રોપોલિટન રિજન માટે પીએમએવાય હેઠળ માપદંડને વધારાયો

નવી દિલ્હી, તા.૧૩

આર્થિક રીતે નબળા વર્ગ (ઈડબલ્યુએસ) હેઠળ આવતા લોકો જેમની વાર્ષિક આવક ૬ લાખ રૂપિયા છે તેઓ પણ હવે પીએમ આવાસ યોજનાનો લાભ લઈ શકશે. કેન્દ્ર સરકારે મુંબઈ મેટ્રોપોલિટન ક્ષેત્ર માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (પીએમએવાય) હેઠળ ભાગીદારીમાં સસ્તા આવાસ મેળવવા માંગતા આર્થિક રીતે નબળા વર્ગો માટે આવકના માપદંડને રૂ. ૩ લાખથી વધારીને રૂ. ૬ લાખ કરી દેવામાં આવ્યા છે.

મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસે બુધવારે જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર સરકારની વિનંતી પર મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર) માટે પીએમએવાય હેઠળ એએટપી વર્ટિકલ માટે ઈડબલ્યુએસ આવકના માપદંડને રૂ. ૩ લાખથી વધારીને રૂ. ૬ લાખ કરવા માટે પીએમ નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પૂરીનો ધન્યવાદ. તેમણે જણાવ્યું કે, આનાથી એમએમઆરના લાખો નાગરિકોને મદદ મળશે. થોડા મહિના અગાઉ ફડણવીસે કહ્યું હતું કે, પીએમએવાય નું શહેરી કવરેજ અસ્વીકાર્ય રીતે ઓછું છે અને તેઓ આ મુદ્દાને કેન્દ્ર સરકાર સાથે ઉઠાવશે.

૨૦૧૫ માં શરૂ કરાયેલ પ્રધાનમંત્રી આવાસ યોજના એ ભારત સરકારની એક યોજના છે જેનો ઉદ્દેશ્ય દરેક ગરીબને ઓછી કિંમતમાં ઘર ઉપલબ્ધ કરાવવાનો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ (પીએમએવાય-જી)ને વર્ષ ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે. પાકાં મકાનોનો કુલ લક્ષ્યાંક પણ સુધારીને ૨.૯૫ કરોડ મકાનો કરવામાં આવ્યો છે. પ્રધાન મંત્રી આવાસ યોજનાની પાત્રતા

- લાભાર્થીઓ પતિ, પત્ની અને અપરિણીત પુત્રીઓ/પુત્રો હોઈ શકે છે.
- લાભાર્થી પાસે પાકુ ઘર ન હોવું જોઈએ. જેનો અર્થ એ છે કે, આખા ભારતમાં તેમનું અથવા તેમના પરિવારના અન્ય સદસ્યના નામ પર ઘર ન હોવું જોઈએ.
- કોઈ પણ વયસ્કને ભલે તેના લગ્ન થયા હોય કે ના થયા હોય પરંતુ તેને પૂરી રીતે એક અલગ પરિવાર માનવામાં આવે છે. પીએમએવાય યોજના હેઠળના લાભાર્થીઓમાં નીચેની શ્રેણીઓ સામેલ
- મધ્યમ આવક જૂથ જેની વાર્ષિક આવક રૂ. ૬ -૧૨ લાખની વચ્ચે છે.
- મધ્યમ આવક જૂથ જેની વાર્ષિક આવક રૂ. ૧૨ -૧૮ લાખની વચ્ચે છે.
- ઓછી આવક ધરાવતા જૂથ જેની વાર્ષિક આવક રૂ. ૩ -૬ લાખની વચ્ચે છે.
- આર્થિક રીતે નબળો વર્ગ (ઈડબલ્યુએસ) જેની વાર્ષિક આવક રૂ. ૩ લાખ સુધીની છે.

જ્યારે એલઆઈજી અને એમઆઈજી ના લાભાર્થીઓ માત્ર પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ક્રેડિટ લિંક સબસિડી યોજના માટે પાત્ર છે. ઈડબલ્યુએસ લાભાર્થીઓ સંપૂર્ણ સહાય માટે પાત્ર છે. અરજદારે યોજના હેઠળ એલઆઈજી અથવા ઈડબલ્યુએસ લાભાર્થી બનવા માટે આવકના પુરાવાના સમર્થનમાં એફિડેવિટ આપવું મહત્વપૂર્ણ છે.

### અજિત પવાર જૂથના શપથ બાદ ખાતાની વહેંચણી બાકી

# મહારાષ્ટ્રમાં અજિત પવાર જૂથને નાણાં મંત્રાલય મળવાના સંકેત

## વિભાગોની વહેંચણીને લઈને ચર્ચા વચ્ચે ડેપ્યુટી સીએમ અજિત પવારે ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી

મુંબઈ, તા.૧૩

મહારાષ્ટ્રમાં અજિત પવાર સાથે તેમના ૮ ધારાસભ્યોએ મંત્રી તરીકે શપથ લીધા હતા, જે પછી હજુ સુધી વિભાગોની વહેંચણી કરવામાં આવી નથી. છેલ્લા ઘણા દિવસોથી આ અંગે ભારે અસમંજસની સ્થિતિ જોવા મળી રહી હતી.

જોકે હવે સૂત્રોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે અજિત પવાર જૂથને નાણા મંત્રાલય મળી શકે છે. નાણા વિભાગ ઉપ મુખ્યમંત્રી અજિત પવારને સોંપવાનો નિર્ણય લગભગ લેવાયો ગયો છે. જે બાદ હવે ઔપચારિક જાહેરાતની રાહ જોવાઈ રહી છે. છેલ્લા એક સપ્તાહથી આ વિભાગને લઈને સતત બેઠકોનો દોર ચાલી રહ્યો હતો.

મહારાષ્ટ્રમાં વિભાગોની વહેંચણીને લઈને ચાલી રહેલી ચર્ચા વચ્ચે ડેપ્યુટી સીએમ અજિત પવારે દિલ્હીમાં ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન તેમની સાથે પ્રફુલ્લ પટેલ પણ હાજર હતા. એવું કહેવામાં આવ્યું હતું કે ગૃહમંત્રી અમિત શાહ સાથેની આ બેઠકમાં વધુ કાનૂની લડાઈ અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેના બાદ હરીશ સાલ્વે શિવસેના શિંદે જૂથની જેમ અજિત પવાર કેમ્પનો કેસ લડી શકે છે.

બીજી તરફ વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવી કોર્ટ અને ચૂંટણી પંચમાં એનસીપીના શરદ પવાર કેમ્પનું પ્રતિનિધિત્વ કરશે. કાનૂની લડાઈ અંગે બંને પક્ષો પોતપોતાના દાવાઓ ધરાવે છે. જ્યારે અજિત પવાર જૂથ કહે છે કે તેની પાસે પાર્ટીના બે તૃતીયાંશ કરતાં વધુ ધારાસભ્યો છે, તેથી તેનો પક્ષ અને ચૂંટણી પ્રતીક પર અધિકાર છે, જ્યારે શરદ[redacted]

### આતંકવાદી સંગઠનોનોપ[redacted]

# જમ્મુ-કાશ્મીર[redacted] એનઆઈએ [redacted]

## એનઆઈએના દરોડા આતંકવાદી સંગઠનો માટે ઓવરગ્રાઉન્ડ વર્કરના લોકોના ઠેકાણા પર દરોડા

પુલવામા, તા.૧૩

જમ્મુ કાશ્મીરના પુલવામામાં એનઆઈએએ દરોડા પાડ્યા છે. આ દરોડા આતંકવાદી સંગઠનોનો પર્દાફાશ કરવા માટે પાડવામાં આવ્યા છે.

બે દિવસ અગાઉ પણ એનઆઈએએ દક્ષિણ કાશ્મીરના ૫ સ્થળો પર સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતું. એનઆઈએના દરોડા વિભિન્ન આતંકવાદી સંગઠનો માટે [redacted]

### દેશના અનેક રાજ્યોમાં વરસાદને લીધે ખરાબ સ્થિતિ

# ગુજરાત સહિત દેશના ૨૦થી વધુ રાજ્યોમાં ભારે વરસાદની આગાહી

## ગુજરાતમાં ૧૫-૧૬ જુલાઈ ભારે વરસાદ, ૭ રાજ્યોમાં ભારે વરસાદની આગાહી, ૧૧ રાજ્યોમાં યલ્લો એલર્ટ, સિક્કિમ-ઉ. બંગાળમાં રેડ એલર્ટ

નવી દિલ્હી, તા.૧૩

દિલ્હી, હરિયાણા, હિમાચલ, પંજાબ સહિતના રાજ્યો હાલ પૂર, ભુસ્ખલન અને ભારે વરસાદનો સામનો કરી રહ્યા છે, ત્યારે હવામાન વિભાગની આગાહી મુજબ હજુ પણ ઉત્તર ભારતમાં રાહત મળવાના કોઈ અણસાર દેખાતા નથી. હવામાન વિભાગે આગામી ચારથી પાંચ દિવસમાં ભારે વરસાદ પડવાનું એલર્ટ જાહેર કર્યું છે.

પશ્ચિમ ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને બિહારમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવાની સાથે પૂરના ખતરાની પણ શક્યતા વ્યક્ત કરાઈ છે. હવામાન વિભાગે સિક્કિમ અને ઉત્તર બંગાળમાં વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ મધ્ય પ્રદેશ, આસામ, મેઘાલય અને અરુણાચલ પ્રદેશમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આ રાજ્યોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે કહ્યું છે કે આગામી ૨૪ કલાકમાં વરસાદને કારણે કેટલાક ભાગોમાં પૂરની સંભાવના છે. સરકારે તેના અધિકારીઓને પણ સતર્ક રહેવા જણાવ્યું છે. ઈએમડીએ સૌરાષ્ટ્ર, કચ્છ (ગુજરાત), મહારાષ્ટ્ર, ઝારખંડ, ઓડિશા, પૂર્વ રાજસ્થાન, દક્ષિણ બંગાળ, કોસ્ટલ કર્ણાટક, તમિલનાડુ, કેરળ અને આંધ્રપ્રદેશમાં વરસાદ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે.

હવામાન વિભાગની આગાહી મુજબ ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને બિહારમાં અતિ ભારે વરસાદ પડી શકે છે. તો સિક્કિમ અને ઉત્તર બંગાળ માટે રેડ એલર્ટ અપાયું છે, જ્યારે ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ મધ્ય પ્રદેશ, આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. યલ્લો એલર્ટમાં સૌરાષ્ટ્ર - ગુજરાત, કચ્છ - ગુજરાત, દિલ્હી, મહારાષ્ટ્ર, ઝારખંડ, ઓડિશા, પૂર્વી રાજસ્થાન, દક્ષિણ બંગાળ, કર્ણાટક, તમિલનાડુ, કેરળ, આંધ્ર પ્રદેશનો સમાવેશ થાય છે.

મધ્ય મહારાષ્ટ્રના ઘાટ વિસ્તારોમાં ૧૪-૧૬ જુલાઈ દરમિયાન અલગ-અલગ ભારે વરસાદ થવાની સંભાવના છે, જ્યારે ગુજરાતમાં ૧૫ અને ૧૬ જુલાઈના રોજ સમાન હવામાનની સ્થિતિ નોંધાશે. ઉત્તર પશ્ચિમ ભારતમાં વરસાદ ઓછો થવાની ધારણા છે, પરંતુ ગંગાના મેદાનોમાં આગામી ૫ દિવસ સુધી વરસાદ પડી શકે છે.

### પંચાયતોની ચૂંટણીમાં ટીએમસીએ ભવ્ય વિજય મેળવ્યો

# પ.બંગાળની ચૂંટણી હિંસા માટે મમતાના વિપક્ષો ઉપર પ્રહાર

## ૭૧,૦૦૦ બૂથ પર ચૂંટણી યોજાઈ હતી પરંતુ હિંસાની ઘટના ૬૦ બૂથો પર થઈ હોવાનો મુખ્યપ્રધાનનો દાવો

કોલકાતા, તા.૧૩

પશ્ચિમ બંગાળમાં યોજાયેલી પંચાયત ચૂંટણીના પરિણામો આવી ચૂક્યા છે જેમાં સત્તાધારી પાર્ટી ટીએમસીએ શાનદાર જીત મેળવી છે.

આ જીત બાદ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ લોકોનો આભાર માન્યો હતો અને વિપક્ષને ઘેર્યું હતું. આ ઉપરાંત મમતાએ ચૂંટણી દરમિયાન થયેલી હિંસા પર પણ દુખ વ્યક્ત કર્યું હતું. આ સાથે તેમણે કહ્યું કે રાજ્ય સરકારે હિંસા પાછળ જે લોકો છે તેમની સામે કાર્યવાહી કરવા પોલીસને ખુલ્લી છૂટ આપી છે. આ દરમિયાન મમતા બેનર્જીએ ભાજપ ઉપરાંત ડાબેરીઓ અને કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું.

પશ્ચિમ બંગાળમાં હિંસાનો ઉલ્લેખ કરતા સીએમ મમતા બેનર્જીએ કહ્યું કે, હું હિંસાની ઘટનાઓમાં થયેલા લોકોના મોતથી દુઃખી છું. ૭૧,૦૦૦ બૂથ પર ચૂંટણી યોજાઈ હતી પરંતુ હિંસાની ઘટનાઓ ૬૦ બૂથો પર થઈ હતી. સીએમ એ દાવો કર્યો હતો કે ૮ જૂને ચૂંટણીની તારીખ જાહેર થઈ ત્યારથી ચૂંટણી સંબંધિત હિંસામાં ૧૯ લોકો મૃત્યુ પામ્યા જેમા મોટાભાગના તેમની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસના હતા. જોકે, પોલીસ સૂત્રો મૃત્યુઆંક ૩૭ જણાવ્યો હતો.

મમતા બેનર્જીએ કોંગ્રેસ અને કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા-માર્કસિસ્ટ (સીપીઆઈ-એમ)ની પણ ટીકા કરી હતી અને ચૂંટણી હિંસા માટે સમાન રીતે જવાબદાર હોવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું, હું નફરત અને હિંસાની રાજનીતિ નથી કરતી. મને એ કહેતા દુઃખ થાય છે કે રામ (ભાજપ), 'બામ' (ડાબેરી પક્ષો) અને 'શ્યામ' (કોંગ્રેસ)એ કાવતરું ઘડ્યું અને હિંસાનો સહારો લીધો. હું વધારે કંઈ કહેવા નથી માંગતી કારણ કે અમારો ઉદ્દેશ્ય રાષ્ટ્રીય સ્તરે (બિન-ભાજપ પક્ષોની) એકતાનો છે.

મમતા બેનર્જીએ વધુમાં કહ્યું કે, વિપક્ષ મારા પ્રત્યે આટલી બધી નફરત કેમ કરે છે? શું તે એટલા માટે છે કે હું એક સાધારણ પારિવારિક પૃષ્ઠભૂમિમાંથી આવું છું? શું તે એટલા માટે કે હું એકતા માટે બોલું છું?" તેણીએ ગ્રામીણ ચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસની શાનદાર સફળતા માટે બંગાળના લોકોનો આભાર માન્યો હતો.હિંસા પ્રભાવિત વિસ્તારોમાં ટીમો મોકલવા માટે મમતાએ ભારતીય જનતા પાર્ટી પર નિશાન સાધ્યું હતું. તેને 'ભાજપ સંરક્ષણ સમિતિ' અને 'ઉશ્કેરણી સમિતિ' ગણાવતા તેમણે પ્રશ્ન કર્યો કે, આવી ટીમોને જાતિ હિંસાગ્રસ્ત મણિપુર અથવા અગરતલામાં શા માટે મોકલવામાં નહોતી આવી. જ્યાં આ વર્ષની શરૂઆતમાં વિપક્ષી કાર્યકરો પર કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો. બેનર્જીએ કહ્યું, જ્યારે મણિપુર સળગી રહ્યું હતું ત્યારે ફેક્ટ-ફાઈન્ડિંગ ટીમ ક્યાં હતી? આસામ જ્યારે નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ (એનઆરસી)ને લઈને સળગી રહ્યું હતું ત્યારે આ ટીમ ક્યાં હતી? આવી લગભગ ૧૫૪ ટીમોને બે વર્ષમાં બંગાળ મોકલવામાં આવી છે.

### સમયથી વધારે રોકાનારા ધારાસભ્યો સામે કાર્યવાહી

# બિહારમાં સરકારી બંગલામાં વધુ સમય રોકાનારા ધારાસભ્યોને દંડ

## કાર્યવાહીનો સામનો કરનારા પૂર્વ મંત્રીઓએ મુખ્યમંત્રી, વિધાનસભા સચિવાલયને દંડ માફી માટે પત્રો લખ્યા

પટણા, તા.૧૩

બિહારમાં નીતીશ કુમારની આગેવાની હેઠળની સરકારના બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન ડિપાર્ટમેન્ટે રાજ્યની અગાઉની એનડીએ સરકારમાં મંત્રી પદ પર રહેલા ભાજપના કેટલાક ધારાસભ્યો પર સરકારી બંગલામાં નક્કી સમયમર્યાદાથી વધુ સમય રોકાવા બદલ ભારે દંડ ફટકાર્યો છે. જે ધારાસભ્યોને દંડ ફટકારાયો છે તેમાં ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી રેણુ દેવી (૧.૨૬ લાખ રૂપિયા દંડ), પૂર્વ મંત્રીઓ - આલોક રંજન (રૂ. ૧.૬૭ લાખ), રામસુરત કુમાર (રૂ. ૯૦૯૨૮), જીબેશ કુમાર (રૂ. ૧.૨૯ લાખ) અને જનક રામ (રૂ. ૬૫૯૨૨) સમાવેશ થાય છે.

આ દરમિયાન કાર્યવાહીનો સામનો કરનારા પૂર્વ મંત્રીઓએ મુખ્યમંત્રી નીતિશ કુમાર, બિહાર બિલ્ડિંગ બાંધકામ વિભાગના મંત્રી અશોક ચૌધરી અને બિહાર વિધાનસભા સચિવાલયને પત્રો લખીને તેમના પર લાદવામાં આવેલા દંડને ''અયોગ્ય'' ગણાવ્યો હતો. તેમણે આ દંડ માફ કરવાની માગ પણ કરી હતી. જેડીયુના ટોચના નેતા નીતીશ કુમારે એનડીએ છોડીને આરજેડી સાથે મળીને રાજ્યમાં મહાગઠબંધનની સરકાર બનાવ્યા બાદ ભાજપના મંત્રીઓને બંગલો ખાલી કરવા કહી દેવાયું હતું. ભાજપના વરિષ્ઠ નેતા અને કલા, સંસ્કૃતિ અને યુવા વિભાગના પૂર્વ મંત્રી આલોક રંજને કહ્યું કે "મારા પર લાદવામાં આવેલો ૧.૬૭ લાખ રૂપિયાનો દંડ સંપૂર્ણપણે અયોગ્ય છે. મને મકાન બાંધકામ વિભાગ દ્વારા નવેમ્બર ૨૦૨૨માં મંત્રીનો બંગલો (૩૩, હાર્ડિંગ રોડ) ખાલી કરવા માટે કહેવામાં આવ્યું હતું.... પરંતુ મને ધારાસભ્ય માટે કોઈ વૈકલ્પિક મકાન આપવામાં આવ્યું ન હતું અને મેં આ અંગે વિભાગને જાણ પણ કરી હતી.' તેણે કહ્યું, ''જેમ કે મને વિભાગ દ્વારા નવું ઘર આપવામાં આવ્યું, મેં તરત જ મંત્રી બંગલો ખાલી કરી દીધો. મારા તરફથી કોઈ દોષ વિના થોડા દિવસ મંત્રીના બંગલામાં રહેવા બદલ દંડ અયોગ્ય છે. મેં મુખ્યમંત્રી અને મકાન બાંધકામ પ્રધાન અશોક ચૌધરીને દંડ માફ કરવા વિનંતી કરી છે.

### અતિભારે વરસાદ બાદ દિલ્હીમાં પૂર જેવી સ્થિતિ

# દિલ્હીના વીવીઆઈપી સહિત અનેક વિસ્તારમાં પૂરથી તબાહી

## પૂરથી પ્રભાવિત દિલ્હીમાં જળ સંકટ આવવાનું છે, મશીનોમાં પાણી ઘુસી જતાં ત્રણ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બંધ કરાયા

નવી દિલ્હી, તા.૧૩

અતિભારે વરસાદ બાદ દિલ્હીમાં પૂર જેવી સ્થિતિ છે. યમુના નદી તેના સૌથી ખતરનાક સ્વરૂપમાં પહોંચી ગઈ છે. ૧૯૭૮માં યમુનાનું જળસ્તર ૨૦૭.૪૯ મીટરે પહોંચ્યું હતું. આ રેકોર્ડ બુધવારે (૧૨ જુલાઈ, ૨૦૨૩)ના રોજ તૂટી ગયો. ગુરુવારે સવારે ૭ વાગ્યા સુધી દિલ્હીમાં યમુનાનું જળસ્તર ૨૦૮.૪૧ મીટર નોંધાયું હતું. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે યમુના નદીના વધતા જળ સ્તરને લઈને ઈમરજન્સી બેઠક બોલાવી હતી. દિલ્હી પોલીસે સાવચેતીના પગલા તરીકે પૂર પ્રભાવિત વિસ્તારોમાં કલમ ૧૪૪ લાગુ કરી છે. નીચાણવાળા વિસ્તારોમાં રહેતા હજારો લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, એક-બે દિવસના વિરામ બાદ દિલ્હીમાં ફરી મૂશળધાર વરસાદ શરૂ થશે.

દિલ્હીના અનેક વિસ્તારોમાં પૂરના પાણી ઝડપથી પ્રવેશી રહ્યા છે. લાલ કિલ્લાની પાછળના સલીમગઢ અંડરપાસ પર પૂરનું પાણી જોરદાર પ્રવાહ સાથે વહી રહ્યું છે. આઈટીઓથી આ તરફ જવાનો રસ્તો બંધ કરી દેવામાં આવ્યો છે. દિલ્હીમાં યમુના નદીના પાણીના સ્તરમાં વધારો થવાને કારણે, જીટીરોડ પર શાહદરાથી આઈએસબીટીતરફનો ટ્રાફિક, કાશ્મીરી ગેટથી સીલમપુર ટી-પોઈન્ટ થઈને કેશવ ચોક-કરકરડૂમા કોર્ટ-રોડ નંબર ૫૭-એનએચ-૨૪ તરફ ડાયવર્ટ કરવામાં આવ્યો છે.

દિલ્હીના વીવીઆઈપી સિવિલ વિસ્તારમાં પણ યમુના પૂરનું પાણી પહોંચી ગયું છે. આ વિસ્તારમાં સીએમ, એલજી સહિત તમામ મંત્રીઓના સરકારી આવાસ છે. આ વિસ્તારના અનેક બંગલામાં પૂરના પાણી ભરાઈ ગયા છે. પૂરથી પ્રભાવિત દિલ્હીમાં જળ સંકટ આવવાનું છે. મશીનોમાં પાણી ઘુસી જતાં ત્રણ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બંધ કરવામાં આવ્યા છે. સીએમ કેજરીવાલે કહ્યું છે કે ૨૫ ટકા સપ્લાય ઘટશે. આ ખુબજ વધુ છે. ૧-૨ દિવસ સુધી સમસ્યા રહી શકે છે. દિલ્હીમાં યમુના તોફાન પર છે. અનેક વિસ્તારોમાં પૂરના પાણી ઘૂસી ગયા છે. આ દરમિયાન દિલ્હીમાં યમુના બેંક મેટ્રો સ્ટેશન પણ પાણી ભરાઈ ગયું છે. જેના કારણે મેટ્રો સ્ટેશનનો રસ્તો બંધ છે. આ સ્ટેશન પર ઉતરતા મુસાફરોને લક્ષ્મીનગર મેટ્રો સ્ટેશન પર ઉતારવામાં આવી રહ્યા છે.

વજીરાબાદમાં પણ પૂરના કારણે સ્થિતિ વધુ ખરાબ છે. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બંધ થઈ ગયો છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પૂરની સ્થિતિનો તાગ મેળવવા વજીરાબાદ પહોંચ્યા હતા. તેમણે કહ્યું કે વજીરાબાદ, ચંદ્રવાલ અને ઓખલાના પ્લાન્ટ બંધ કરવા પડ્યા. મોટરોમાં પાણી ઘુસી ગયા છે. કેજરીવાલે કહ્યું કે તેમને આશા છે કે આવતીકાલ સુધીમાં પ્લાન્ટ શરૂ થઈ જશે. તેમણે કહ્યું કે આના કારણે જળસંકટ આવી શકે છે.યમુના કિનારે આવેલા તમામ વિસ્તારો પાણીમાં ડૂબી ગયા છે. પાણી ધીમે ધીમે ઉપર જઈ રહ્યું છે. તેની અસર વાહનવ્યવહાર પર પણ જોવા મળી રહી છે. સવારે ૧૧ વાગ્યાના અપડેટ મુજબ, સરાય કાલે ખાન અને શાસ્ત્રી પાર્કમાં લાંબો જામ હતો. પુરાણા કિલ્લા અને રીંગરોડ પર પાણી ભરાવાને કારણે ત્યાં પણ ટ્રાફિક અટવાઈ ગયો છે. સૌથી વધુ અસર કાશ્મીરી ગેટ વિસ્તાર છે. સવાર સુધી થોડો વાહનવ્યવહાર ચાલુ હતો, પરંતુ પાણી વધ્યા બાદ સ્થિતિ બગડવા લાગી હતી. જેના કારણે વાહનવ્યવહાર થંભી ગયો છે.દિલ્હીમાં યમુના નદીનું જળસ્તર વધવાને કારણે યમુના ખાદર વિસ્તારમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. બચાવ કામગીરી ચાલુ છે. એક પોલીસકર્મીએ કહ્યું, "અહીંની સ્થિતિ ખૂબ જ અસામાન્ય છે. અમે લોકોને અહીંથી ખસી જવા માટે સમજાવી રહ્યા છીએ કારણ કે પાણીનું સ્તર ઘણું વધી ગયું છે. અત્યાર સુધીમાં લગભગ ૫૦૦ લોકોને બચાવી લેવામાં આવ્યા છે."

### મસ્કના ડ્રિમ પ્રોજેક્ટને ગ્રિન સિગ્નલ !

# Teslaની બજેટ ફ્રેન્ડલી કારનું ભારતમાં મેન્યુફેક્ચરિંગ થશે

## સૂત્રોએ જણાવ્યું કે આ વખતે ઈલોન મસ્ક માસ્ટર પ્લાન સાથે અમારી પાસે રજૂઆત કરવા માટે આવ્યા છે

નવી દિલ્હી, તા.૧૩

ભારત દેશમાં Teslaના લોન્ચિંગને લઈને મસ્ક છેલ્લા ઘણા વર્ષોથી પોતાની મહત્વાકાંક્ષા વ્યક્ત કરતા આવ્યા છે. તેવામાં ઈલોન મસ્કની Teslaએ ભારતમાં એક વર્ષમાં ૫ લાખ ઈલેક્ટ્રિક વાહનોની ક્ષમતા સાથે કાર ફેક્ટરી સ્થાપવાની રોકાણ દરખાસ્ત માટે ભારત સરકાર સાથે ચર્ચા શરૂ કરી દીધી છે. તમને જણાવી દઈએ કે આ Tesla કારની શરૂઆતી કિંમત ૨૦ લાખ રૂપિયા હશે. ત્યારપછીથી તેના પ્રિમિયમ મોડલ દેશમાં લોન્ચ થતા રહેશે. સરકારી સૂત્રોએ જણાવ્યું કે આ કંપનીની ચીનમાં પણ સારી એવી ફેક્ટરીઓ છે અને ઉત્પાદન પણ સારુ થાય છે. તેવામાં હવે કંપની દ્વારા ભારતને પણ એક બિઝનેસ હબ બનાવવા પ્લાનિંગ હાથ ધરાઈ ગયું છે. એટલું જ નહીં આ બેઝ પરથી ઈન્ડો-પેસિફિક ક્ષેત્રોના દેશોમાં કાર એક્સપોર્ટ કરવાની યોજના પણ જોરશોરથી બનાવી શકાય છે. સૂત્રોએ જણાવ્યું કે આ વખતે ઈલોન મસ્ક માસ્ટર પ્લાન સાથે અમારી પાસે રજૂઆત કરવા માટે આવ્યા છે. આ જે પ્રમાણેની યોજના છે એને જોતા લાગે છે કે આ વખતે તમામ પાસાઓ પોઝિટિવ જશે. કારણે મસ્કના Teslaના માસ્ટર પ્લાનમાં લોકલ મેન્યુફેક્ચરિંગ અને એક્સપોર્ટ્સનો પણ સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન મોદી જ્યારે USની હાઈપ્રોફાઈલ મિટિંગમાં ભાગ લેવા પહોંચ્યા હતા ત્યારે ઈલોન મસ્ક સાથે પણ તેમની મુલાકાત થઈ હતી. ઈલોન મસ્ક ઘણા સમયથી વડાપ્રધાન મોદીને Teslaના બિઝનેસ પ્લાન અને ભારત સાથેના સંબંધો પર ચર્ચા કરવા આતુર હતા. ત્યારે USમાં મોદીની વિઝિટ પછી ઈલોન મસ્કે પોતાના પ્લાનમાં ફેરફાર કર્યો હોય એવું અનુમાન લગાવાઈ રહ્યું છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય આ મુદ્દા પર વાટાઘાટોનું નેતૃત્વ કરી રહ્યું છે અને ઈલોન મસ્ક પણ ભારત સાથે સારી ડીલ કરવા માગે છે. ઉલ્લેખનીય છે કે મોદી સાથેની મુલાકાત પછી ઈલોન મસ્કે કહ્યું કે તેઓ મિસ્ટર મોદીના પ્રશંસક છે અને ઉમેર્યું હતું કેં સ મોદી તેમને ભારતમાં ઈન્વેસ્ટ કરવા માટે આવકારી રહ્યા છે. ઈલોન મસ્કે વડાપ્રધાન મોદી સાથેની મુલાકાત બાદ જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી ભારતને વ્યવસાય ક્ષેત્રે આગળ લાવવા સતત કાર્યરત છે. તેમણે મને પણ ભારતમાં Tesla પ્રોજેક્ટને વેગવંતો કરવા માટે આવકાર્યો છે. હું ભારતમાં ઈન્વેસ્ટ કરવા માટે તત્પર છું પરંતુ અત્યારે બસ પરફેક્ટ ટાઈમિંગ કયા હશે એની રાહ જોઈ રહ્યો છું. ૨૧ જૂનના દિવસે ઈલોન મસ્કે જણાવ્યું હતું કે Tesla ટૂંક સમયમાં ભારતમાં પોતાનો પ્રોજેક્ટ શરૂ કરશે. ભારતમાં Teslaના સંભવિત રોકાણને વિવિધ કંપનીઓ દ્વારા તેમના ઉત્પાદનોને ચીનની બહાર લઈ જવાની જે વ્યૂહરચના છે તેના ભાગરૂપ ગણવામાં આવે છે. જોકે મસ્ક એશિયન મેન્યુફેક્ચરિંગ જાયન્ટ પર વધુ ઉત્સાહિત છે. જો આ અંગે દરખાસ્ત પસાર થાય છે તો તે સરકારની 'મેક ઈન ઈન્ડિયા' પ્લેટફોર્મ માટે એક મોટું પ્રોત્સાહન હશે. જેમ એપલની કંપનીએ ઈન્ડિયન માર્કેટનો સારો ઉપયોગ કર્યો એવી જ રીતે હવે ટેસ્લા પણ પોતાનું પ્લાનિંગ કરી રહ્યું છે. Tesla છેલ્લા ઘણા સમયથી ઈન્ડિયન માર્કેટ પર પોતાની નજર રાખીને બેઠું છે. ઈલોન મસ્ક ઈચ્છે છે કે તેમને ભારતમાં પ્રોજેક્ટની શરૂઆત કરવી છે પરંતુ આના માટે એમને ઈમ્પોર્ટ ડ્યૂટી પર ખાસ ઈન્સેન્ટિવ મળવા જોઈએ. જોકે આ મુદ્દે હજુ ચર્ચાઓ ચાલી રહી છે. ઉલ્લેખનીય છેકે બીજી બાજુ ઈન્ડિયન ગવર્નમેન્ટ અત્યારે દેશને ઈલેક્ટ્રોનિક વ્હિકલના હબ તરીકે પોતાને રિપ્રેઝેન્ટ કરી રહી છે.

### રાજકોટ, અમદાવાદ, વડોદરા, સુરતનો IT સ્ટાફ સર્ચ ઓપરેશનમાં લાગ્યો છે

# આઈટીના દરોડામાં ૪ કરોડ રોકડા અને ૧૭ બેન્ક લોકર સીઝ

## રાજકોટમાં IT વિભાગે જાણીતા રાધિકા જ્વેલર્સ અને શિલ્પા જ્વેલર્સને ત્યાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે, આશરે દોઢ ડઝનથી પણ વધુ સ્થળોએ આવકવેરા વિભાગે તપાસ હાથ ધરી છે

રાજકોટ, તા.૧૩

રાજકોટમાં IT નું મેગા સર્ચ ઓપરેશન સતત ત્રીજા દિવસે યથાવત. રાધિકા, શિલ્પા અને જે પી જવેલર્સમાં મેરેથોન તપાસ ચાલી રહી છે. વર્ધમાન બિલ્ડરને ત્યાં IT ની તપાસ દરમિયાન બે દિવસનાં આ સર્ચમાં ૨૫ બેંક એકાઉન્ટ હાથ લાગ્યા છે. ૪ કરોડની રોકડ અને શંકાસ્પદ ડોક્યુમેન્ટ આવકવેરા વિભાગે કબ્જે કર્યા છે. સાથે જ ૧૭બેંક લોકર IT એ સીઝ કર્યા છે.

રાજકોટ, અમદાવાદ, વડોદરા, સુરતનો IT સ્ટાફ સર્ચ ઑપરેશનમાં લાગ્યો છે. ૨૮ સ્થળો એ IT નું આ સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. આજે ત્રીજા દિવસે પણ સર્ચ ચાલુ રહેશે. લોકરો ઓપરેટ કર્યા બાદ કરચોરીનો સ્પષ્ટ આંકડો બહાર આવશે. રાજકોટના ત્રણેય નામી જ્વેલર્સ અને ત્યાંથી મોટા પ્રમાણમાં બેનામી વ્યવહારો બહાર આવે તેવી શક્યતા છે. રાજકોટના મોટા માથા ગણાતા શિલ્પા, રાધિકા અને જે પી જ્વેલર્સને ત્યાં કાર્યવાહી યથાવત છે.

કુલ ૨૦૦ જેટલા અધિકારીઓ દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ત્રણેય જવેલર્સના મેનેજર, કર્મચારીઓના બેક્ર એકાઉન્ટ અને મોબાઈલની પણ તપાસ થઈ રહી છે. રાજકોટમાં IT વિભાગે જાણીતા રાધિકા જ્વેલર્સ અને શિલ્પા જ્વેલર્સને ત્યાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે. આશરે દોઢ ડઝનથી પણ વધુ સ્થળોએ આવકવેરા વિભાગે તપાસ હાથ ધરી છે. ગઈકાલની કાર્યવાહી આજે પણ યથાવત છે. રાજકોટની શિલ્પા રાધિકા જ્વેલર્સને ત્યાં દરોડા કાર્યવાહી યથાવત છે. વર્ધમાન બિલ્ડર ગ્રુપની ઓફિસ મકાનમાં દરોડા કાર્યવાહી ચાલી રહી છે. જૂનાગઢની સી વી એમમાં તપાસનો દોર યથાવત છે. કરોડો રૂપિયા નાં બેનામી વ્યવહાર બહાર આવે તેવા સંકેત છે. આ દરોડામાં બેંક લોકર સીલ કરી દેવાયા છે. મળથી માહિતી મુજબ ત્રણ દિવસ સુધી દરોડાની કાર્યવાહી ચાલશે. રાજકોટ IT દરોડાથી સોની બજારમાં સોપો પડી ગયો છે તો કેટલીક દુકાનો ખુલી જ નથી. કલકતાનું કનેક્શન ખૂલતા IT ની તવાઈ આવી હોવાની આશંકા છે.

અમદાવાદ રાજકોટ ના IT નાં અધિકારી સહીત સ્ટાફની ટિમો મોડી રાત સુધી તપાસમાં લાગ્યા હતા. મળતી માહિતી પ્રમાણે રાધિકા જ્વેલર્સના માલિક અને ઉદ્યોગપતિ પ્રભુદાસ પારેખના એટલાન્ટિસ ખાતે B-3 ના પાંચમા માળે આવેલા ફ્લેટ ઉપર પણ તપાસ હાથ ધરવામાં આવી છે. પાંચમા માળે જ રહેતા હિરેન પારેખને ત્યાં પણ IT વિભાગે સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે. એટલાન્ટિસમાં જ આઠમા માળે રહેતા ભાસ્કર પારેખને ત્યાં પણ તપાસ હાથ ધરવામાં આવી છે. હિરેન પારેખ, ભાસ્કર પારેખ, અશોક બાબરાવાળા અને હરેશ બાબરાવાળાના નિવાસ સ્થાને અને શો-રૂમમાં દરોડા પાડવામાં આવ્યા છે. ઈક્મટેક્સ વિભાગની કાર્યવાહીથી અન્ય જ્વેલર્સ માલિકોમાં ફફડાટ ફેલાયો છે. આવકવેરા વિભાગની સમગ્ર તપાસમાં કરોડો રૂપિયાની કરચોરી બહાર આવે તેવી શક્યતા સેવાઈ રહી છે. રાધિકા જ્વેલર્સવાળા અશોકભાઈ બાબરા વાળા અને હરેશભાઈ બાબરા વાળાને ત્યાં પણ દરોડા પાડવામાં આવ્યા છે. એટલાન્ટિસના ફ્લેટની સાથે પંચવટી પાસે આવેલા ફ્લેટમાં પણ ઈક્વાયરી કરવામાં આવી રહી છે. રાધિકા જ્વેલર્સના કોલકત્તા ખાતે આવેલા જ્વેલર્સમાં પણ તપાસ ચાલી રહી હોવાના સંકેત મળ્યા છે. મળતી માહિતી મુજબ બે જ્વેલર્સને ત્યાંથી ૨-૨ કરોડની રોકડ જપ્ત કરવામાં આવી છે. આઈટી વિભાગ દ્વારા કુલ ૨૫ જેટલા બેંક ખાતામાં તપાસ હાથ ધરાઈ છે. ઢગલાબંધ દસ્તાવેજ કબ્જે કરવામાં આવ્યા છે. ઈક્મ ટેક્સ વિભાગ દ્વારા જ્વેલર્સમાં કામ કરતા કર્મચારીઓના પણ બેંક ખાતાની તપાસ હાથ ધરાશે. આઈટી વિભાગ દ્વારા દરેક જ્વેલર્સને ત્યાં કામ કરતા કર્મચારીઓના મોબાઈલ કબ્જે લેવામાં આવ્યા છે. આઈટી વિભાગ દ્વારા વેલ્યુઅરની મદદ લેવામાં આવી છે. ઈક્મ ટેક્સ વિભાગની કાર્યવાહી હજુ લાંબી ચાલે તેવી શક્યતા છે. ૨૦૦૦ની નોટો મોટા પ્રમાણમાં જમા થઈ અને ઈક્મટેક્સ વિભાગને જાણ થતા ની સાથે જ દરોડાની કાર્યવાહી શરૂ કરી. થોડા દિવસ પહેલા ૨૦૦૦ની નોટો ના જમીનોના વહીવટની ગંધ ઈક્મટેક્સ વિભાગને આવી ગઈ હતી. રાજકોટ મોટા માથા ગણાતા રાધિકા જ્વેલર્સ અને શિલ્પા જ્વેલર્સમાં ૩૬ કલાકથી ઈક્મટેક્સની સર્ચ ઓપરેશન યથાવત છે. અમદાવાદ થી પણ ૨૫ જેટલા ઈક્મટેક્સના અધિકારીઓ રાજકોટ પહોંચ્યા છે. સાંજ સુધીમાં મોટા પ્રમાણમાં બેનામી વ્યવહારો બહાર આવે તેવી શક્યતાઓ છે. બંને જ્વેલર્સોના ઘર અને ઓફિસોમાં પણ દરોડાની કાર્યવાહી ચાલી રહી છે. રાજકોટના કાલાવડ રોડ અને પેલેસ રોડ પર બંને જ્વેલર્સને બંને શોરૂમ ઉપર અધિકારીઓ દ્વારા રાઉન્ડ ક્લોક કાર્યવાહી થઈ હી છે.

### ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલે કરારને મંજૂરી આપી

# ભારત ફ્રાન્સ પાસેથી ૨૬ રાફેલ ફાઈટર જેટ ખરીદશે

## આ સોદાઓની કિંમત રુપિયા ૯૦ હજાર કરોડથી વધુ હોવાનો અંદાજ, સોદાની સાચી કિંમત કરાર બાદ સ્પષ્ટ થશે

નવી દિલ્હી, તા.૧૩

ભારતે એક મોટા સંરક્ષણ સોદામાં ફ્રાન્સ પાસેથી ૨૬ રાફેલ ફાઈટર જેટ અને ૩ સ્કોર્પિન ક્લાસની સબમરીન ખરીદી કરશે. ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલે આ કરારની મંજૂરી આપી દીધી છે.

આ બાબતની માહિતી આપતા અધિકારીએ જણાવ્યું હતું કે ભારતીય નૌકાદળ માટે ત્રણ વધારાની સ્કોર્પિન- ક્લાસ સબમરીન સહિત ૨૨ રાફેલ એમ અને ચાર ટુ સીટર ટ્રેનર વર્ઝન સહિત ૨૬ રાફેલ એરક્રાફ્ટ ખરીદવાની દરખાસ્તોને મંજૂરી આપી છે.

ભારતીય નૌકાદળને ચાર ટ્રેનર એરક્રાફ્ટ સાથે ૨૨ સિંગલ-બેઠક રાફેલ સી પ્લેન મળશે. નૌકાદળ આ લડાયક જેટ અને સબમરીનને તાત્કાલિક હસ્તગત કરવા માટે દબાણ કરી રહ્યું હતું કારણ કે તેઓ સમગ્ર દેશમાં સુરક્ષા પડકારોને પગલે અછતનો સામનો કરી રહ્યા હતા.

ભારતીય નૌકાદળ તેના એરક્રાફ્ટ કેરિયર આઈએનએસવિક્રમાદિત્ય અને વિક્રાંત પર તૈનાત કરવા માટે જૂના મિગ-૨૯ ને બદલવા માટે યોગ્ય એરક્રાફ્ટ શોધી રહી હતી.

એરક્રાફ્ટ કેરિયર્સ આઈએનએસવિક્રમાદિત્ય અને વિક્રાંત મિગ-૨૯ ઓપરેટ કરી રહ્યા છે અને બંને કેરિયર્સ પર ઓપરેશન માટે રાફેલ જરૂરી છે.

આ સાથે ત્રણ સ્કોર્પિન-ક્લાસ સબમરીન નૌકાદળ દ્વારા પ્રોજેક્ટ-૭૫ના ભાગ રૂપે પુનરાવર્તિત કલમ હેઠળ હસ્તગત કરવામાં આવશે ત્યારબાદ તે મુંબઈમાં મઝાગોન ડોકયાર્ડ્સ લિમિટેડ ખાતે બનાવવામાં આવશે. આ સોદાઓની કિંમત રુપિયા ૯૦ હજાર કરોડથી વધુ હોવાનો અંદાજ છે જો કે આ સોદાની સાચી કિંમત કરારની વાટાઘાટો પૂર્ણ થયા બાદ જ સ્પષ્ટ થશે.

### સુપર સ્ટાર રજનીકાંતની પુત્રી ફરી વિવાદમાં

# ધનુષની પત્ની ઐશ્વર્યા ફરી લગ્ન કરે એવી અફવા

ચેન્નાઈ, તા.૧૩

સુપરસ્ટાર રજનીકાંતની પુત્રી ઐશ્વર્યા રજનીકાંત હાલ તેની ફિલ્મ 'લાલ સલામ'માં વ્યસ્ત છે. પરંતુ તાજેતરમાં તેના વિશે વધુ એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. સમાચારમાં કહેવામાં આવ્યું હતું કે અભિનેતા ધનુષની પત્ની ફરીથી લગ્નના બંધનમાં બંધાવા જઈ રહી છે.

ઐશ્વર્યા વિશેના એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે તે ચેન્નઈના એક રિસોર્ટમાં એક અન્ય હીરો સાથે જોવા મળી હતી. આ વિશે વાત કરતા કેટલાક સૂત્રોએ જણાવ્યું છે કે, આ તમામ સમાચાર સંપૂર્ણપણે ખોટા છે. આમાં કોઈ સત્ય નથી. સમાચારમાં જે કહેવામાં આવી રહ્યું છે તેવું કંઈ નથી. ઐશ્વર્યાએ બીજા લગ્ન નથી કરી રહી.

રજનીકાંતની પુત્રી ઐશ્વર્યા અને ધનુષ વચ્ચેના સંબંધોમાં ખટાશ આવ્યા બાદ આ કપલે વર્ષ ૨૦૨૨માં જાહેરાત કરી હતી કે તેઓ ૧૮ વર્ષ સુધી સાથે રહ્યા બાદ અલગ થવા જઈ રહ્યા છે.

જો કે તેઓએ હજુ સત્તાવાર રીતે છૂટાછેડા લીધા નથી. ઐશ્વર્યા અને ધનુષે વર્ષ ૨૦૦૪માં લગ્ન કર્યા હતા. લગ્ન બાદ બંને બે પુત્રોના માતા-પિતા છે. જેમના નામ યાત્રા અને લિંગા છે. ઐશ્વર્યા તેના બંને પુત્રો સાથે ઘણો સમય વિતાવે છે. જેની ફોટોસ તે સોશ્યલ મીડિયા પર પણ શેર કરી ચૂકી છે.

### ઓએમજી-૨નું ટીઝર રિલીઝ કરવામાં આવ્યું

# ટ્રેનના જળથી શિવજીને અભિષેકના સિન પર લોકોમાં ભારે નારાજગી

## સેન્સર બોર્ડે ફિલ્મને રિલીઝ કરવા સર્ટિફિકેટ આપવા ઈન્કાર કર્યો, હાલમાં આ ફિલ્મ રિવ્યુ કમિટીને મોકલી દેવામાં આવી

મુંબઈ, તા.૧૩

હાલમાં જ અક્ષય કુમાર અને પંકજ ત્રિપાઠી સ્ટારર ફિલ્મ ઓએમજી ૨નું ટીઝર રિલીઝ કરવામાં આવ્યું હતું. જેના કારણે સોશ્યલ મીડિયા પર હોબાળો મચી ગયો છે. ટીઝરમાં એક સીન બતાવવામાં આવ્યો છે જેમાં ભગવાન શિવને ટ્રેનના જળથી અભિષેક કરવામાં આવી રહ્યો છે. યુઝર્સ આ સીનને લઈને ગુસ્સે ભરાયા છે. આ દરમિયાન સેન્સર બોર્ડે ફિલ્મને રિલીઝ કરવા માટે સર્ટિફિકેટ આપવાનો ઈંક્રાર કરી દીધો છે. હાલમાં આ ફિલ્મ રિવ્યુ કમિટીને મોકલી દેવામાં આવી છે. હાલમાં જ ફિલ્મના મેકર્સે ટીઝર રિલીઝ કર્યું હતું. જેમાં અક્ષય કુમાર ભગવાન શંકર અને પંકજ ત્રિપાઠી એક પરમ શિવ ભક્તની ભૂમિકામાં જોવા મળે છે. ફિલ્મનું ટીઝર જોઈને સ્પષ્ટ થાય છે કે અગાઉના ભાગની જેમ આ વખતે પણ ઈશ્વર અને માણસના સંબંધની આસપાસ એક રસપ્રદ વાર્તા વણાઈ છે. જેને જોઈને કેટલાક લોકો સોશ્યલ મીડિયા પર તેની પ્રશંસા કરી રહ્યા હતા તો કેટલાક લોકોએ શિવના અભિષેકના દ્રશ્યો પર વાંધો ઉઠાવ્યો હતો. લોકોનું કહેવું છે કે આ સીનથી તેમની ભાવનાઓને ઠેસ પહોંચી છે.

ફિલ્મમાં અક્ષય ભગવાન શિવના રોલમાં જોવા મળી રહ્યો છે. લાંબી જટાઓ, કપાળ પર ભસ્મ સાથેનો તેનો લુક ઘણા દર્શકોને પસંદ આવ્યો છે.

અક્ષય કુમાર અને પંકજ ત્રિપાઠીની આ ફિલ્મ ૧૧ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ રિલીઝ થવાની હતી. છેલ્લા ભાગમાં અક્ષય કુમાર અને પરેશ રાવલની જોડીને દર્શકોએ ખૂબ વખાણી હતી. જો કે કેટલાક લોકોએ પહેલા ભાગ પર પણ વાંધો ઉઠાવ્યો હતો, પરંતુ તેમ છતાં આ ફિલ્મ સુપરહિટ સાબિત થઈ હતી. હવે બીજા ભાગના રિલીઝ થવા પર આવેલા સંકટ પછી મેકર્સનું આગળનું પગલું શું હશે, તેના પર સૌની નજર છે.

# લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા નેત્ર નિદાન અને નેત્રમણી કેમ્પ યોજાયો



લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલના સાઈટ ફર્સ્ટ પ્રોજેકટ હેઠળ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા તેમજ સુદર્શન નેત્રાલય– અમરેલીના સહયોગથી તા. ૧૩–૦૭–૨૦૨૩ ને ગુરૂવારે બપોરે ૨–૦૦ કલાકે અમરેલી શહેરના નગરજનો અને ગ્રામજનો માટે જુના માર્કેટિંગ યાર્ડમાં પ્રથમ માળે આવેલ લાયન્સ હોલ ( હોટલ લોડર્સ ઈકો ઈનની સામે)માં આઠમો નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૪૮ દર્દીઓની આંખના તમામ રોગોની તપાસ નિષ્ણાત ડો. પલકબેન મોદી દ્વારા કરવામાં આવેલ અને જરૂરિયાતમંદ ૨૬ દર્દીઓને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી આરોપણ વિનામૂલ્યે કરી આપવામાં આવેલ હતા. આ ઉપરાંત આંખના નજીક તથા દુરના નંબરની પણ તપાસ કરવામાં આવેલ હતી અને કેમ્પ સ્થળ ઉપર નંબર પ્રમાણે રાહત ભાવે ચશ્મા પણ બનાવી વિતરણ કરવામાં આવેલ હતું. દરેક દર્દીઓના બ્લડ પ્રેશર તેમજ બ્લડ સુગર પણ ચકાસવામાં આવેલ હતા. લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), તેમજ સુદર્શન નેત્રાલયના સહયોગથી નિયમિત રીતે દર મહિનાના ત્રીજા ગુરૂવારે લાયન્સ હોલ લોર્ડ એન્જલ હોટલની સામે જુના માર્કેટિંગ યાર્ડ અમરેલીમાં નેત્રમણી નિદાન અને સારવાર કેમ્પનું આયોજન થાય છે. નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, અમર ડેરીના ચેરમેન અનિભાઈ સાવલિયા, સારહી યૂથ કલબના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી, જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, મેજર મિહિરભાઈ પાનસુરીયા, નગરપાલિકા અમરેલી પ્રમુખ પ્રતિનિધિ સંજયભાઈ રામાણી, કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવા, શિક્ષણ સમિતિ ચેરમેન તુષારભાઈ જોશી, વનરાજભઈ કોઠીવાળ, જયેશભાઈ ટાંક આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) તરફથી પ્રમુખ લાયન કિશોરભાઈ શિરોયા, લાયન પ્રા. એમ. એમ.પટેલ, લાયન એ.બી. કોઠીયા, લાયન પરેશભાઈ કાનપરિયા, ટ્રેજરર લાયન બિમલભાઈ રામદેવપૂત્રા, લાયન સાહસભાઈ ઉપાધ્યાય, લાયન મુસતુફા આફિકાવાલા, લાયન રમેશભાઈ ગોલ, લાયન ભગવનભાઈ કાબરિયા તેમજ સુદર્શન નેત્રાલય તરફથી કિર્તીભાઈ ભટ્ટ, નિલેશભાઈ ભીલ અને તેમની ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી.

# અમરેલી ખાતે લોહાણા મહાજન દ્વારા સરસ્વતી સન્માન સમારોહ યોજાયો



તા. ૯/૭/૨૩ને રવિવારનાં રોજ સાંજે ૪–૩૦ કલાકે માતુશ્રી અંબાબેન નરશીદાસ સોઢા લોહાણા મહાજન વાડી ખાતે સરસ્વતી સન્માન સમારંભ સફળ તાપૂર્વક યોજવામાં આવ્યો હતો. આ સમારંભનાં અધ્યક્ષ સ્થાને રઘુવંશી સમાજના અગ્રણી ડો. ભરતભાઈ કાનાબાર તેમજ અતિથિ વિશેષ તરીકે ચંદ્રેશભાઈ નવીનચંદ્ર રવાણી ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સાવરકુંડલા લોહાણા વિદ્યાર્થી ભવન–સાવરકુંડલા, કુંકાવાવ, ચલાલા, લીલીયા, ગારીયાધરનાં લોહાણા મહાજના પદાધિકારીઓએ હાજરી આપી હતી. સ્થાનિક જ્ઞાતિજનોથી ભરેલા ખચાખચ હોલમાં ૫૦ જેટલા દાતાઓ, વિવિધ પત્રકારો અને મીડિયા પ્રતિનિધિઓ, સમાજ ઉપયોગી પ્રવૃત્તિમાં સેવા આપનાર સ્વયંસેવકો અને મહેમાન મહાજનોને સ્મૃતિચિહન ધ્વારા સત્કાર કરવામાં આવ્યા હતા. બાલમંદિરથી ઉચ્ચ શિક્ષણમાં ગત શૈક્ષણિક વર્ષમાં સફળતા પ્રાપ્ત કરનાર ૪૦૦ જેટલા બાળકોને મોમેન્ટો, ચોપડા, પ્રમાણપત્રો, સ્કૂલ બેગ ધ્વારા પ્રોત્સાહિત કરવામાં આવેલ તેમજ આ સુંદર કાર્યક્રમનાં અંતે જ્ઞાતિ ભોજનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને પ.પૂ. શ્રી ઉષામૈયા (કાનાતળાવ)ના આશીર્વાદ પ્રાપ્ત થતા હતા એમ અમરેલી લોહાણા મહાજ ટ્રસ્ટના પ્રમુખ જીતુભાઈ સોમૈયા, ઉપપ્રમુખ ભાવેશભાઈ સોઢા અને સતીષભાઈ આડતીયા અને મહામંત્રી જગદીશભાઈ સેલાણીની સંયુકત યાદીમાં જણાવેલ છે.

## કરજણમાં બે કલાકમાં અઢી ઇંચ વરસાદ ખાબક્યો

વડોદરા, તા.૧૩

વડોદરા જિલ્લાના અનેક વિસ્તારોમાં વહેલી સવારથી જ વરસાદી માહોલ જામ્યો હતો. .વડોદરા શહેર, કરજણ, ડભોઈ સહિતના વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો. વડોદરા શહેરના રાવપુરા, સમાં, નિઝમપુરા, સયાજીગંજ, ફતેહગંજ, કારેલીબાગ, આજવા રોડ, વાઘોડિયા રોડ સહિત વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો. કરજણ તાલુકામાં બે કલાકમાં બે ઈંચ વરસાદ વરસતા રસ્તા પર પાણી ભરાયા હતા. કરજણ શહેરમાં નવા બજાર વિસ્તારમાં આવેલ શાહ એન બી સાર્વજનિક હાઈસ્કૂલમાં પાણી ભરાયા હતા. તે સિવાય કરજણ નવા બજાર વિસ્તારમાં આવેલ SBI બેંક સામે પણ પાણી ભરાયા હતા. તો કરજણના જૂના બજાર, નવા બજાર, નેશનલ હાઈવે, સિવિલ કોર્ટ, આમોદ રોડ, સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો. જો કે વરસાદ શરૂ થવાની સાથે જ ઠેર ઠેર વરસાદી પાણી ભરાયા હતા. રેલવે ઓવર બ્રિજ પરથી APMC સર્વિસ પર જતાં રોડ પર પાણી ભરાયા હતા. તો આમોદ રોડ તરફથી તાલુકા પંચાયત તરફ જતા પબ્લિક સ્કૂલ રોડ પાણી પાણી થયા હતા. આ તરફ ડભોઈ પંથકમાં વહેલી સવારથી વરસાદી માહોલ જામ્યો હતો. સાઠોદ, શંકરપુરા, તેનતલાવ, મંડાળા સહિતના ગામોમાં પણ વરસાદ નોંધાયો હતો. વરસાદના વધુ એક રાઉન્ડ માટે તૈયાર રહેવાની હવામાન વિભાગે આગાહી કરી હતી. હવામાન વિભાગના મતે ૧૬ જૂલાઈથી વરસાદનો ત્રીજો રાઉન્ડ શરૂ થશે. હવામાન વિભાગે આગાહી કરી હતી કે પાંચ દિવસ વરસાદી માહોલ રહેશે.

### જાહેર નોટિસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રી Taq Green Power XII Private Ltd. ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહરે નોટિસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત નીચેની વિગતે ખરીદ કરેલ છે,

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટેના કબ્જા બાબતે કોઈને વાદ–વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયે દિન–૦૩ (ત્રણ)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ–૦૩ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે:– સમઢીયાળ ા ગામના, ખેડ ખાતા નં.–૧૭૦ રે.સ.નં. ૩૯૮ (જુનો રે.સ.નં. ૨૨)ની કુલ જમીન હે. ૨–૪૫–૫૮ ચો.મી. માંથી હે. ૦–૪૦–૪૭ વાળી ખેતીની જમીનમાંથી અમારા અસીલશ્રીએ (૧) રાજુબેન અભુભાઈ દાંતી (૨) જયેશભાઈ અભુભાઈ દાંતી (૩) દેવકુભાઈ અભુભાઈ દાંતી (૪) લખમણભાઈ અભુભાઈ દાંતી પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ નં.– ૧૪૩૨/૨૩ તા. ૧૩/૦૭/૨૦૨૩ થી યોગ્ય અવેજ ચુકવી ખરીદ કરેલ છે.**

તા. ૧૪/૦૭/૨૦૨૩
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીમાં રૂપિયા ૬૨૫.૮૯ લાખનાં વિકાસકાર્યોનો**

રોડ–રસ્તા, સ્ટ્રીટલાઈટ સહિતની જનસુવિધા પુરી પાડવા કમર કસવામાં આવેલ હતી. જે અંતર્ગત ગુજરાત સરકાર પ્રેરિત સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂા. ૬૬૪.૩૪ લાખની વહીવટી મંજૂરી પ્રાદેશિક કમિશ્નર (નગરપાલિકાઓ), ભાવનગર ધ્વારા આપવામાં આવતા આજરોજ શહેરનાં વિકસિત અને છેવાડાનાં વિસ્તાર લેવાતા લાઠી રોડ ઉપરના વલ્લભ ચેમ્બર્સ સહિતનાં વિસ્તારોને સીસી રોડથી મઢી અંધકારમાં સ્ટ્રીટલાઈટરૂપી અજવાળા પાથરવા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા તેમજ નગરપાલિકા પ્રમુખ મનિષાબેન સંજયભાઈ રામાણીનાં વરદ હસ્તે ખાતમુર્હુત કરવામાં આવેલ હતું. જેમાં આઉટ ગ્રોથ વિસ્તારોનાં ૬૪–લોકેશન પર સીસી રોડ, ૨૭–લોકેશન પર સ્વચ્છતાનાં સંકલ્પ માટે આરસીસી ડ્રેનેજની કામગીરી તેમજ ૩–લોકેશન પર અંધકારને અલવિદા કરવા એલઈડી સ્ટ્રીટલાઈટની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

આજનાં ખાતમુર્હુત કાર્યક્રમમાં અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણી, શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, નગરપાલિકા પ્રમુખ મનિષાબેન સંજયભાઈ રામાણી, ઉપપ્રમુખ રમાબેન નરેશભાઈ મહેતા, કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવા, ચીફ ઓફિસર એચ.કે. પટેલ, શિક્ષણ સમિતિનાં ચેરમેન તુષારભાઈ જોષી, નગરપાલિકા પ્રમુખ પ્રતિનિધિ સંજયભાઈ રામાણી, નગરપાલિકાનાં સદસ્યો મનિષભાઈ ધરજીયા, હરીભાઈ કાબરીયા, સંજયભાઈ વણજારા, વિશાલભાઈ ઠાકર તેમજ શહેર ભાજપ ટીમ, કાર્યકરો, બીરજુભાઈ અટારા, સંજયભાઈ ખબર, મુકેશભાઈ સોઢા, મનિષભાઈ વસાણી, પ્રદિપભાઈ વસાણી, રાજુભભાઈ વસાણી, જેન્તીભાઈ ગોલ, જેભાઈ કાવઠીયા, સતીષભાઈ ગોહેલ, પંકજભાઈ અટારા, ભુપતભાઈ મેતલીયા, વજુભાઈ ગોલ, કવીતભાઈ મહેતા, મેહુલ અટારા, મીલન સરવૈયા, અલ્પેશ કથીરીયા, જીગ્નેશ ઉનડકટ તેમજ લાઠી રોડ બાયપાસ વેપારી મંડળના તમામ વેપારીઓ અને નગરપાલિકા કર્મચારી ગણ ઉપસ્થિત રહેલ હતા.

### અવસાન નોંધ



**અમરેલી :** અમરેલી નિવાસી કનકરાય અમૃતલાલ સેલાણી (૭૩) તે સ્વ. અમૃતલાલ પ્રાગજીભાઈના પુત્ર તથા ભાવિનભાઈ તથા કલ્પેશભાઈ તેમજ ફોરમબેન છગ ના પિતાશ્રી તથા અશ્વિનભાઈ તથા બાલજીભાઈના મોટાભાઈ શ્રીજી ચરણ પામેલ છે. સદ્‌ગતનું ઉઠમણું તા. ૧૪ શુક્રવારના રોજ સાંજના ૪ થી ૫ સુધી સોની જ્ઞાતિની વાડી, જુની ઈન્કમ ટેક્ષ ઓફિસ સામે અમરેલી ખાતે રાખેલ છે.

**કાચરડી :** રાવળ દેવ (કાચરડી) કાચરડી નિવાસી અરજણભાઈ ભાટીના ધર્મપત્ની સવિતાબેન (ઉ.વ.૬૬) સ્વર્ગવાસ થયેલ છે. તે રાજુભાઈ અને લાલજીભાઈના માતુશ્રી થાય. તેમનુ પાઠપૂજન દિવસનું તા. ૧૪/૦૭ ને શુક્રવારે મુ. કાચરડી, તાલુકો–લાઠી મુકામે રાખેલ છે.

નાયબ દંડક કૌશિક વેકરિયાની રજુઆત બાદ

## અમરેલી પંથકના વિકાસ કાર્યો માટે રૂપિયા ૬૬ લાખ મંજુર થયા

### ધારાસભ્યની કાર્યશૈલીથી જનતા ખુશ



અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લાએ વિકાસની રફતાર પકડી હોય એમ એક પછી એક વિકાસના કામો જિલ્લામાં ગ્રામ્ય અને શહેરી કક્ષાએ મંજૂર થઈ રહેલ છે. જેમાં વધુ બે કામ ગાવડકા પાસેથી પસાર થતી શેત્રુંજી નદી પરના ચેકડેમ રીપેરીંગનું કામ અને તરવડા ગામ પાસે ફલડ ડેમેજ રિસ્ટોરેશન વર્ક ટુ ચેકડેમ કોઝવેનું કામ મંજુર કરવામાં આવ્યું છે.

અમરેલી જિલ્લાના ખેડૂતોને સીધો લાભ કરતા સિંચાઈના કામો મંજુર થતા આ વિસ્તારના અનેક ખેડૂતો માટે આ યોજના લાભકારી બની રહેશે.

અમરેલી વિસ્તારના લોકપ્રતિનિધિ અને ગુજરાત સરકારના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાની રજુઆતનો સરકાર કક્ષાએ સફળ પડઘો પડતા તરવડા ચેકડેમનું રૂા. ૪૨ લાખનું કામ મંજૂર થયું છે. જેનો વર્કઓર્ડર પણ એજન્સીને અપાઈ ગયેલ છે. એ ઉપરાંત શેત્રુંજી નદી પર ગાવડકા ગામ ખાતે ચેકડેમ રીપેરીંગના કામ બાબતે સિંચાઈ મંત્રીને ધારાસભ્ય કૌશિક વેકરિયાએ રજુઆત કરતા ચેકડેમ રીપેરીંગનું રૂા. ૨૪ લાખનું કામ મંજૂર કરવામાં આવેલ છે. આમ બંને કામ મળી રૂા. ૬૬ લાખના કામો મંજૂર કરવામાં આવ્યા છે. એમ અમરેલી વિસ્તારના ધારાસભ્ય કૌશિક વેકરિયાની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે.

પાના ૮ ઉપરનું ચાલું **બગસરા પાલિકાનાં શાસકોનાં**

તથા પાણી પુરવઠામાં પાણીના ટાંકે પેધી ગયેલ રોજમદાર કર્મચારીઓને છુટા કરી અને નવા કર્મચારીની ભરતી કરવી તેવી આસપાસના લોકોની માંગણી ઉઠી છે. આ બાબતે જો તાત્કાલિક નિર્ણય લેવામાં નહી આવે તો ના છૂટકે વિજય ચોકમાં મંડપ નાખી જાગૃત એવા નાગરિક દ્વારા ઉપવાસ ઉપર ઉતારવાની ચીમકી આપી છે. બગસરા નગરપાલિકામાં કોંગ્રેસની સત્તા હતી ત્યારે પાણી, લાઈટ અને રોડના પ્રશ્ર બહુ જ ઓછા બન્યા હતા. હાલમાં ચૂંટણી નજીક હોય બગસરા નગરપાલિકાના સત્તાધીશોને સાંસદોની ચૂંટણીમાં રસ નથી કે શું કે જનતાને હેરાન કરવાનું ચાલુ કર્યુ છે. આવી રીતે રહ્યાં તો લોકો મતનો પણ બહિષ્કાર કરશે તેવું લોક મુખે ચર્ચાઈ રહ્યાં છે.

# જોર્ડનમાં જિફ્કો પ્લાન્ટની મુલાકાત લેતા દિલીપ સંઘાણી



દેશના અમૃત મહોત્સવ સાથે સહકારી પ્રવૃીતને વિકાસનું માધ્યમ બનાવી આઝાદી કા અમૃત મહોત્સવને સહકારથી સમૃધ્ધિ તરફ આગળ વધારી રહયો છે જેમાં દેશ–વિદેશનું યોગદાન મજબુત પાયો છે. તેમ જોર્ડન પ્રવાસે પહોંચેલા રાષ્ટ્રીય સહકારી નેતા દિલીપ સંઘાણીએ જોર્ડન ખાતે આવેલ જિફકો પ્લાન્ટ ક્ષેત્રની મુલકાત દરમ્યાન સ્થાનીક સહકારી આગેવાનો અને ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા–વિચારણા દરમ્યાન જણાવ્યું હતુ. જોર્ડન એશિદિયા ખાતે પ્લાનટ નિયંત્રણ હોલમાં યોજાયેલ બેઠકને સંબોધતા દિલીપ સંઘાણીએ જણાવ્યું કે, દેશના આર્થિક અને સાર્વજનિક વિકાસમાં સહકારી અગ્રીમ ભૂમિકા પર છે. આનંદ એ વાતનો છે કે, સહકાર સાથે સમગ્ર વિશ્વ જોડાયુ છે અને તેથી જ તેની વિકાસ ચર્ચા સામુહિક ધોરણે યોજાય. જોર્ડન–ભારત સહકારી ક્ષેત્રે ઘણી આશાઓ ધરાવે છે જે સૌના સહકારણી પૂર્ણ થશે. તેવો આશાવાવ વ્યકત કરવામાં આવેલ.

## સા.કુંડલા, લાઠી, બાબરા, જાફરાબાદ, ખાંભા સહિતનાં વિસ્તારોમાં હળવા ઝાપટાથી લઇને ભારે વરસાદ

# અમરેલી જિલ્લાનાં અનેક વિસ્તારમાં વરસાદ

**જિલ્લામાં છેલ્લા ૧૫ દિવસથી એકાદ દિવસને બાદ કરતા લગભગ દરરોજ કોઇને કોઇ સ્થળે વરસાદ**

**ગ્રામ્ય વિસ્તારમાં વરસાદથી નદીઓ, તળાવો, ચેકડેમ છલોછલ બન્યા**

**અનેક માર્ગો પર પાણી ભરાતા વાહનો ફસાયા અને માર્ગો બન્યા બિસ્માર**

**ખાંભાના મોટા સરાકડીયાની વાડીમાં વીજળી પડતા ભેંસનું મોત**


અમરેલી




બાબરા




ખાંભા




સાવરકુંડલા



અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લામાં છેલ્લા ૧૫ દિવસથી એકાદ દિવસને બાદ કરતા દરરોજ કોઈને કોઈ સ્થળેથી વરસાદના વાવડ મળી રહયા છે. આજે અમરેલી, બાબરા, લાઠી, સા.કુંડલા, ખાંભા, જાફરાબાદ સહિતના અનેક વિસ્તારોમાં વરસાદ પડેલ છે.

સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડતા ગાધકડા ગામના ખેતરો પાણીમાં તરબતર થયા હતા. જયારે ગાધકડા, લીખાળા, મોટા જીંજુડા, પીઠવડી, સેંજળ, મોટા જીંજુડા સહિતના ગામડામાં વરસાદ નોંધાયો હતો.

ખાંભા શહેરમાં મેઘરાજા ખાંભામાં મન મૂકીને વરસ્યા હતા. જયારે ખાંભા એક કલાકમાં દોઢ ઈંચ વરસાદ ખાબકતા ખાંભા શહેરમાં રોડ રસ્તાઓ પર નદી જેવા દ્રશ્યો જોવા મળ્યા હતાં. જેમાં ખાંભાનો ગાંધી ચોક થયો હતો.

જયારે અવિરત ધોધમાર વરસાદ પડતાં નીચાણ વાળા વિસ્તારોમાં પાણી ભરાયાં હતા. ખાંભા ઉપરાંત ગાધકડા ગામના ખેતરો વરસાદનાં પાણીમાં તરબતર થયા. જયારે નાનુડી, ભાડ, ઉમરીયા, તાતણીયા, પીપળવા, રાયડી, પાટી, મોટા સરાકડીયા, કોદીયા, રાણીગપરા, ભાવરડી સહિતના ગામડામાં વરસાદ મેઘો મહેરબાન થયો હતો. જેને લઈ રાયડી ગામની સ્થાનિક નદીમાં આવ્યું ઘોડાપૂર આવ્યું હતું. ખાંભાના મોટા સરાકડીયા ગામે ગિરધરભાઈ નારણભાઈ સાંગાણી વાડીમાં વીજળી પડી હતી. જેમાં રવજીભાઈ હરજીભાઈ પરમારની ભેંસનું વીજળી પડતા મોત થયું.

સાવરકુંડલા ગ્રામીણ પંથકમાં પણ અનધરાધાર વરસાદ પડતા લુવારામાં પાણીના પ્રવાહમાં તણાયું ટ્રેકટર તણાયું હતું.

જયારે સાવરકુંડલાના ફિફાદથી ઘોબા જવાનો માર્ગ ઉપર આવેલ કોઝવે પર પૂરના પાણી ફરી વળતા ઘોબાથી ફિફાદ, સાવરકુંડલા જેસર જવાનો માર્ગ બંધ થયો હતો. આ ઉપરાંત ધોબા–ફિફાદ વચ્ચે પીપરડી વાળો કોઝવે ધોવાઈ જતા વાહન વ્યવહાર ઠપ્પ થયો હતો.

આ ઉપરાંત સાવરકુંડલાના આંબરડી, ખોડીયાણા, દોલતી, જાબાળ , મીતીયાળા પંથકમાં પણ ધોધમાર વરસાદ પડયો હતો. જયારે આંબરડી નજીક આવેલી ધાતરવડી નદી બે કાંઠે વહેતી થઈ હતી.

**બાબરા**

બાબરામાં એક દિવસના વિરામ બાદ ફરી મેઘરાજાનું આગમન શહેરમાં જોરદાર ઝાપટું અને ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડતાં ખેતરમાં પાણી તેમજ નદીઓમાં પુર આવ્યા.

બાબરામાં શહેર સહિત સમગ્ર પંથકમાં એક બે દિવસના વિરામ બાદ મેઘરાજાએ ફરી એન્ટ્રી કરતા જોરદાર વરસાદ શરૂ થયો હતો જેના કારણે શહેરની બઝારોમાં અને ખેતરમાં પાણી ભરાય ગયા હતા તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં નદીઓમાં પુર આવ્યુ હતું.

બાબરામાં બપોર બાદ ભારે ગરમી અને ઉકળાટ વચ્ચે જોરદાર વરસાદ પડતા શહેરની બઝારોમાં પાણી દોડવા લાગ્યું હતું અને વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ગલકોટડી, જામબરવાળા, નિલવળા, તાયવદર, સુકવળા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં જોરદાર વરસાદ પડતાં ખેતરમાં પાણી ભરાય ગયા હતા તેમજ સુકવળામાં ગામની સ્થાનિક નદીમાં ઘોડાપુર આવ્યુ હતું જોકે બાબરા પંથકમાં થોડા દિવસ વરાપ નીકળતા ખેડૂતો નિંદામણ સહિતના અન્ય ખેતી કામમાં લાગ્યા હતા. આમ બાબરા પંથકમાં શરૂઆતથી ધીમીધારે સારો અને વાવણી લાયક વરસાદ પડયો છે ત્યારે ફરી સારો વરસાદ પડતા ખેડૂતોમાં ખુશીની લાગણી પ્રસરી ગઈ છે.

**ખાંભા**

ખાંભા તથા આસપાસનાં વિસ્તાર, મિતિયાળા અભિયારણ્ય, ગીરના જંગલમાં આજરોજ તા.૧૩નાં રોજ બપોરનાં ૨, વાગ્યાથી ૫:૩૦ સુધીમાં ૨ ઈંચ વરસાદ ખાબકતા વાડી ખેતરો પાણી ભરાઈ જવા સાથે ખાંભાની નનુડી, ધાતરવડીને હડિયો નદીમાં ઘોડાપૂર આવ્યા. આજનો વરસાદ થઈને મોસમનો કુલ વરસાદ ૫૨૨ મી.મી. થવા પામેલ છે.

**સાવરકુંડલા**

સતત બે દિવસના બફારા બાદ આજે બપોરે વરસાદી માહોલ વચ્ચે ધીમીધારે વરસાદે વરસવાનું ચાલું કર્યુ. ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો. જો કે સતત ભેજવાળા વાતાવરણ વચ્ચે શરદી, ઉધરસ, શ્વાસ અને તાવ જેવા દર્દીઓની સંખ્યા વધી. એકંદરે વાતાવરણમાં ઠંડક પ્રસરી. જો કે હાલ શાકભાજીની બઝાર ભારે ગરમ છે. વધતાં શાકભાજીના ભાવો વચ્ચે હવે કઠોળ અને તેલના ભાવો પણ ઊંચકાઈ રહ્યા છે ત્યારે મધ્ય વર્ગ માટે મહિનાની છેલ્લી તારીખો કાઢવી ભારે કપરી જણાય રહી છે. લોકો ટમેટા તો માત્ર ચિત્રમાં જોઈને જ ઓડકારનો આનંદ માણી શકે એટલી હદે ભાવવધારો થયો છે. સતત ભેજવાળા વાતાવરણમાં મચ્છરના ઉપદ્રવમાં વધારો થયેલો જોવા મળે છે.

અમરેલી ફલ્ડ કંટ્રોલ રૂમ ખાતે રાત્રીના ૮ વાગ્યા સુધીમાં ખાંભામાં ૬૨ મી.મી., જાફરાબાદમાં ૩૧ મી.મી., લાઠીમાં ૧૬ મી.મી., સાવરકુંડલામાં ૧૯ મી.મી., બાબરામાં ૧૦ મી.મી., અમરેલીમાં ૬ મી.મી. અને બગસરામાં ૨ મી.મી. વરસાદ નોંધાયો હતો.

---

## હવામાન વિભાગે હવામાનની આગાહી

# નવી સિસ્ટમ એક્ટિવ થતા ગુજરાતમાં મેઘાનું જોર વધશે

**બુધવારે એ પણ જણાવ્યું હતું કે, આગામી સમયમાં જે સિસ્ટમ એક્ટિવ થવાની છે તેને હજુ થોડો સમય લાગી શકે છે**

અમદાવાદ, તા.૧૩

હવામાન વિભાગે આગામી રવિવાર સુધી રાજ્યમાં ભારે વરસાદની શક્યતાઓ ના હોવાનું જણાવ્યું છે. જોકે, તે પછી વરસાદનું જોર વધવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. અમદાવાદ હવામાન કેન્દ્રના ડિરેક્ટર ડૉ. મનોરમા મોહંતીએ બુધવારે આપેલી માહિતીમાં જણાવ્યું હતું કે, ૧૬મી જુલાઈ પછી વરસાદનું જોર વધી શકે છે.

આ પહેલા રાજ્યમાં હળવો વરસાદ રહેવાની શક્યતાઓ છે. આ દરમિયાન ક્યાંક ભારે ઝાપટું પણ થઈ શકે છે. હવામાન વિભાગે બુધવારે સાત દિવસના હવામાનની આગહી કરી છે તેમાં રવિવાર સુધી ભારે વરસાદની શક્યતાઓ ના હોવાનું જણાવ્યું છે. આ પછી તેમણે વરસાદનું જોર વધવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. આ તારીખો દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છમાં છૂટોછવાયો વરસાદ રહી શકે છે, જ્યારે ગુજરાતન બાકી ભાગો જેવા કે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના લગભગ મોટાભાગના વિસ્તારોમાં વરસાદ રહી શકે છે. તેમણે બુધવારે એ પણ જણાવ્યું હતું કે, આગામી સમયમાં જે સિસ્ટમ એક્ટિવ થવાની છે તેને હજુ થોડો સમય લાગી શકે છે. જોકે, રવિવાર સુધી સિસ્ટમની વધારે અસર ના હોવાનું પણ જણાવ્યું હતું.

આ સાથે પવનની દિશા દક્ષિણપશ્ચિમથી પશ્ચિમના પવન રહેવાની સંભાવના છે. ઓફશોર ટ્રોફ પણ છે અને તેના કારણે એકાદ જગ્યામાં ભારે વરસાદ થઈ શકે છે. અમદાવાદમાં વરસાદનું જોર હળવું રહેવાની શક્યતાઓ પણ ડૉ. મોહંતી દ્વારા બુધવારે વ્યક્ત કરવામાં આવી હતી. ભેજનું પ્રમાણ વધુ છે અને ગરમીના કારણે વરસાદ થઈ શકે છે. ગુજરાત રાજ્યમાં સિઝનનો ૬૦ ટકા વરસાદ નોંધાઈ ચુક્યો છે. હવે આગામી દિવસોમાં વરસાદનું જોર વધે તો ઝડપથી તે ૧૦૦ ટકા પર પહોંચી શકે છે. હવામાન વિભાગે સાત દિવસની આગાહી કરી છે જેમાં આજના દિવસે રાજ્યમાં હળવાથી સામાન્ય વરસાદની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે, જેમાં સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, બોટાદ, ગીર સોમનાથ, જુનાગઢ, પોરબંદર, રાજકોટ અને દીવનો સમાવેશ થાય છે. આ સિવાય અમદાવાદ, આણંદ, અરવલ્લી, દાહોદ, ગાંધીનગર, ખેડા, મહીસાગર અને પંચમહાલમાં પણ આજે હળવા વરસાદની શક્યતાઓ છે. આ સિવાયના રાજયના જિલ્લાઓમાં હવામાન સૂકું રહી શકે છે.

---


## શિક્ષણ સમિતિના ચેરમેન વિપુલ દુધાતની માંગ

# નાણાપંચ અને આયોજનની ગ્રાન્ટની ગાઇડલાઇનમાં સુધારો કરવો જરૂરી

**મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પાઠવવામાં આવ્યો**

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન વિપુલ દુધાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવેલ છે.



સરકાર દ્વારા રાજયના ગામડાના વિકાસ માટે અલગ અલગ ગ્રાન્ટોમાં ટાઈડ ૫૦% અને અનટાઈડના ૫૦%ની ફાળવણી કરવામાં આવે છે, પરંતુ હાલ સરકારી અલગ અલગ વિકાસ યોજના હેઠળ ટાઈડના હેતુના કામો મોટા ભાગના ગામોમાં પૂર્ણ થયેલ છે જેથી ટાઈડ ગ્રાન્ટ વણ વપરાયેલ રહે છે અને હકીકતમાં ગામના વિકાસ માટે જરૂરીયાત હોય છે તે કામ પૂર્ણ કરી શકતા નથી જેથી નાણાપંચની ગ્રાન્ટો, આયોજનની ગ્રાન્ટો અને વિકાસ લક્ષી ગ્રાન્ટોમાં જે ગામમાં ટાઈડ હેતુના કામો પૂર્ણ થયેલ હોય ત્યાં અનટાઈડ કામો કરવા માટે મંજુરી આપવામાં આવે તેવી અંતમાં માંગણી કરેલ છે.

---

## સેન્સેક્સ ૬૬ હજાર પોઈન્ટની વિક્રમી સપાટીને સ્પર્શ્યો

# સેન્સેક્સમાં ૧૬૫, નિફ્ટીમાં ૨૯ પોઈન્ટનો ઊછાળો જોવાયો

**બેંક, મેટલ, રિયલ એસ્ટેટ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી સેક્ટરમાં ખરીદી, ઓટો, કેપિટલ ગુડ્સમાં વેચવાલી**

મુંબઈ, તા.૧૩

સ્થાનિક શેરબજારો આજે તેજી સાથે બંધ થયા છે. બીએસઈસેન્સેક્સ ૧૬૪.૯૯ પોઈન્ટ્સ એટલે કે ૦.૨૫ ટકાના વધારા સાથે ૬૫,૫૫૮.૮૯ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. દિવસના કારોબાર દરમિયાન એક સમયે સેન્સેક્સ ૬૬ હજારને પાર કરી ગયો હતો.

તે જ સમયે, એનએસઈનિફ્ટીએ ૧૯૫૫૦ પોઈન્ટની સપાટી વટાવી દીધી હતી. એનએસઈ નિફ્ટી ૨૯.૪૫પોઈન્ટ એટલે કે ૦.૧૫% ના વધારા સાથે ૧૯,૪૧૩.૭૫ ના સ્તર પર બંધ થયો. નિફ્ટી પર ટીસીએસના શેર ૨.૬૦ ટકાના વધારા સાથે બંધ થયા છે.

બીએસઈસેન્સેક્સ પર ટીસીએસના શેરમાં ૨.૪૭ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. આ સાથે ઈન્ફોસિસના શેર ૨.૪૦ ટકા, બજાજ ફિનસર્વ, ટેક મહિન્દ્રા, આઈસીઆઈસીઆઈ બેંક અને એક્સિસ બેંક એક-એક ટકાના વધારા સાથે બંધ થયા હતા.

પાવર ગ્રીડ સેન્સેક્સ પર ૩.૩૫ ટકાના નુકસાન સાથે સૌથી વધુ નુકસાનકર્તા હતો. આ સિવાય મારુતિ, એનટીપીસી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, એચયુએલ, નેસ્લે ઈન્ડિયા, એસબીઆઈ, કોટક મહિન્દ્રા બેંક, ભારતી એરટેલ, ટાઈટન, એશિયન પેઈન્ટ્સ, જેએસડબલ્યુ સ્ટીલ, સન ફાર્મા અને એચસીએલ ટેકના શેર લાલ નિશાન સાથે બંધ થયા હતા.

આજે બેંક, મેટલ, રિયલ એસ્ટેટ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી સેક્ટરમાં ખરીદી જોવા મળી હતી. જયારે ઓટો, કેપિટલ ગુડ્સ, એફએમસીજી, હેલ્થકેર, ઓઈલ એન્ડ ગેસ અને પાવર સેક્ટરમાં વેચવાલી જોવા મળી હતી. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૫-૦.૫ ટકાના ઘટાડા સાથે બંધ થયા છે.

અમેરિકી ડોલર સામે રૂપિયો ૧૭ પૈસા મજબૂત થઈને ૮૨.૦૭ પર પહોંચ્યો છે. પાછલા સત્રમાં તે ૮૨.૨૪ના સ્તરે બંધ રહ્યો હતો. એલકેપીસિક્યોરિટીઝના સિનિયર ટેકનિકલ એનાલિસ્ટ રૂપક ડેએ જણાવ્યું હતું કે નિફ્ટી આજે ૧૯,૫૬૭ની વિક્રમી સપાટીએ પહોંચ્યો હતો પરંતુ વેચાણના દબાણને કારણે તે ટકી શક્યો નહોતો.

---


## ઇમલાની જાહેર હરરાજી

**શ્રી ગળકોટડી પ્રા.શાળા, તા. બાબરા, જી. અમરેલી.**

આથી રસ ધરાવતા ઈસમોને જાણ કરવામાં આવે છે કે, શ્રી ગળ કોટડી પ્રા. શાળા ખાતે આવેલ કુલ–૨ (બે સ્લેબવાળા) રૂમો જેમ છે તે સ્થિતિમાં જર્જરીત રૂમોની ફકત ઈમલાની જાહેર હરરાજી આગામી તા. ૧૯/૦૭/૨૦૨૩ ના રોજ, સમય સવારે ૧૧:૦૦ કલાકે શાળાના મેદાનમાં રાખેલ છે.

બોલી બોલનારે રૂ. ૩૦૦૦/– અંકે રૂપિયા ત્રણ હજાર પુરા ડીપોઝીટ પેટે ભરવાના રહેશે. વર્ક–ઓર્ડર મેળવનારે હરરાજીની કુલ રકમના ૪૦% રકમ સ્થળપર જમા કરાવવાની રહેશે. હાજર રહેનાર ઈસમોએ સ્વખર્ચે હરરાજીમાં ભાગ લેવાનો રહેશે. અન્ય નિયમો અને શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.


લી.

શાળા વ્યવસ્થાપન સમિતિ
શ્રી ગળકોટડી પ્રા.શાળા
તા. બાબરા, જી. અમરેલી.

આચાર્ય
પ્રા. શાળા ગળકોટડી
તા. બાબરા, જી. અમરેલી.



## રઘુવંશી રત્નને અભિનંદન...


શ્રી મુકેશભાઈ વ્રજલાલ રૂપારેલીયા
ઉપપ્રમુખ
અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ

અમારા રઘુવંશી રત્ન વેપારી આગેવાન
શ્રી મુકેશભાઈ વ્રજલાલ રૂપારેલીયા ની
અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનાં
ઉપપ્રમુખપદે થયેલ વરણીને ખુબ-ખુબ
અભિનંદન સહ શુભેચ્છાઓ...

... શુભેચ્છક ...

**શ્રી જીતુભાઈ સોમાણી**
ધારાસભ્યશ્રી, વાકાનેર.

**શ્રી ગીરીશભાઈ કોટેચા**
ડે. મેયર : જુનાગઢ મ્યુનસીપલ કોર્પોરેશન

**શ્રીમતિ ગીતાબેન કારીયા**
પ્રમુખ : ચલાલા નગરપાલીકા

**મહેશભાઈ નગદીયા**
પ્રમુખ : અમરેલી જીલ્લા રઘુવીર સેના

# ડહોળુ પાણી વિતરણ થતાં ઘરે–ઘરે માંદગીના ખાટલા બિછાવાયા

# બગસરા પાલિકાનાં શાસકોનાં અણઘડ વહીવટથી શહેરીજનો તોબા... તોબા

શહેરીજનોએ ખોબલે-ખોબલે મત આપીને પાલિકાનું સુકાન ભાજપને સોંપેલ અને મળી દુવિધા

શહેરીજનો છેલ્લા અનેક વર્ષોથી ભાજપ તરફી જબ્બરૂ મતદાન કરે અને છતાં સુવિધા મળતી નથી

અનિયમિત પાણી વિતરણ, ગંદકી સહિત અનેક સમસ્યાઓ વિકરાળ બની ચુકી છે

ભાજપ હાઈકમાન્ડ અને વહીવટી હાઈકમાન્ડ દરમિયાનગીરી કરી સમસ્યાનું નિરાકરણ કરે તેવી શહેરીજનોની માંગ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૩

બગસરા નગરપાલિકામાં પાણી પુરવઠામાં પાણીના ટાંકા પર સર્વિસ કરતા કર્મચારીઓ પોતાની મનમાની હાંકતા હોય. અનેકવાર રજૂઆત કરવા છતાં પાણીના ટાંકાની સામેના વિસ્તારમાં છ દિવસે પાણી વગર લોકો વલખા મારે છે. છેલ્લા એક મહિના થયા પાણીની સમસ્યા માથાનો દુઃખાવો બન્યો છે. પહેલા એકાંતરા પાણી આપતા હતા તે બંધ કરી હેરાનગતિ ચાલુ કરવામાં આવી છે. લોકોને છ દિવસે પાણી દેવામાં આવે છે. બેદરકારી રાખી સવારે મોડો વાલ ખોલી અને ઓછો વાલ ખોલી લોકોને કનડગત કરવાનું બંધ કરે કારણ કે હવે જનતા જાગી ગઈ છે. બગસરા નગરપાલિકાના સત્તાધીશો બગસરાની જનતા સાથે જેમ ફાવે તેમ વર્તન કરી અને લોકોને જવાબ દેતા નથી. આપણે ચૂંટણી નગરપાલિકામાં જીતી ગયા એટલે સિંહ બની ગયા. લોકોનું જે થાવું હોય તે થાય આપણે કંઈ કરવાનું નથી સત્તા તો આજે છે ને કાલે નથી અને બગસરાની જનતાને છેલ્લા એક મહિનાથી દૂષિત પાણી આપી લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે. બગસરાની સિવિલ હોસ્પિટલમાં માંદગીના ખાટલા, રોગચાળો સતત ફેલાઈ રહ્યો છે. ઘરે ઘરે ઝાડા ઉલટીના કેસો વધી રહ્યા છે. આ દૂષિત પાણીથી લોકો બીમાર પડી રહ્યા છે એક તો છ–સાત દિવસે પાણી આવે છે. પ્રમુખને ફોન કરવામાં આવે તો ફોન ઉપાડતા નથી આંખ આડા કાન કરતા હોય હાલમાં બગસરા નગરપાલિકાને ભાજપની સત્તા હોય છતાં તેને બિનજવાબદાર વ્યકિત ગણવા કે જવાબદાર તેવું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

આ બાબતે જો તાત્કાલિક નિર્ણય લેવામાં નહીં આવે તો આસપાસનાં લોકો મહિલાઓ દ્વારા બેડા લઈ નગરપાલિકાએ જશે અને તેનો જવાબ નગરપાલિકાના ચીફ ઓફિસર તથા પ્રમુખને આપવો પડશે

અનુસંધાન પાના ૬ ઉપર

### ભારે વરસાદથી ઠેરઠેર પાણીનો ભરાવો

## સાવરકુંડલાના લુવારા નજીક પાણીના પ્રવાહમાં એક ટ્રેકટર સાથે ૩ ખેડૂતો તણાયા

### સ્થાનિકોએ તમામ ખેડૂતોને બચાવી લીધા



અમરેલી, તા. ૧૩

સાવરકુંડલા તાલુકાના ગ્રામીણ પંથકમાં અનરાધાર વરસાદ પડતાં અનેક નદી નાળામાં પૂર આવેલ છે. જેમાં સાવરકુંડલાના લુવારા ગામમાં પાણીના પ્રવાહમાં એક ટ્રેકટર સાથે ત્રણ ખેડૂતો તણાયા હતાં જેને સ્થાનિકો લોકોએ એ બચાવ્યા હતા.

આ બનાવમાં જાણવા મળ તી વિગત મુજબ સાવરકુંડલા તાલુકાના ગ્રામીણ પંથકમાં અનરાધાર વરસાદ પડતાં સુરજવડી ડેમ ઓવરફલો થતા લુવારા ગામમાં સુરજવડી નદીમાં પાણીનો પ્રવાહ આવતા ખેડૂતો ટ્રેકટર લઈને વાડીએથી પરત ફરતી વેળા સર્જાઈ દુર્ઘટના હતી જેમાં ૩ ખેડૂતો ટ્રેકટર સાથે પાણીના પ્રવાહમાં ટ્રેકટર સાથે તણાયા હતા. જો કે ૩ ખેડૂતોને પાણીના પ્રવાહમાંથી સ્થાનિકોએ બચાવી લીધા હતા. જયારે પૂરના પ્રવાહમાં ટ્રેકટર ગરકાવ થઈ જવા પામેલ હતું.

### અમરેલી નજીક આવેલ

## ચિતલ ગામેથી ૧૬ વર્ષની તરૂણીને લલચાવી ફોસલાવી અપહરણ કરી લઈ જવાઈ

### જસવંતગઢ ગામનાં ઈસમ સામે નોંધાઈ ફરિયાદ

અમરેલી, તા. ૧૩

અમરેલી નજીક આવેલ ચિતલ ગામે રહેતી એક સોળ વર્ષની તરૂણીને જસવંતગઢ ગામે રહેતા આરોપી સંદિપ ચંદુભાઈ આળગીયા નામનો ઈસમ તરૂણીને લલચાવી ફોસલાવી લગ્ન કરવાનાં ઈરાદે અપહરણ કરી ભગાડી લઈ ગયાની ફરિયાદ અમરેલી તાલુકા પોલીસમાં નોંધાતા પોલીસે બનાવ અંગે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### ચાલુ મૌસમમાં સૌથી વધુ મોટુ ઘોડાપુર

## સાવરકુંડલાના આંબરડીમાં સાંબેલાધાર વરસાદથી સર્વત્ર જળબંબાકાર જેવી સ્થિતિ

### ગામની વચ્ચેથી પાણીનો ઘસમસતો પ્રવાહ પસાર થયો



તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

આંબરડી, તા. ૧૩

હવામાન વિભાગ દ્વારા આજે અમરેલી જિલ્લામાં ભારે વરસાદ પડવાની આગાહીના પગલે આજે સતત દિવસે સાવરકુંડલા પંથકમાં મેઘ મહેર યથાવત રહેતા અમુક વિસ્તાર પાણી પાણી થયો હતો.

સાવરકુંડલાના આંબરડી ગામે સતત સાત દિવસથી પડી રહેલા વરસાદે આજે રોદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ૨૦૨૩ની સીઝનનો સૌથી વધુ કહી શકાય તેવો વરસાદ ખાબકી ગયો હતો. ભારે ઉકળાટ બાદ આજે બપોરે ૩ કલાકે ધોધમાર વરસાદ શરૂ થતાં જળબંબાકાર જેવી સ્થિતિ ઊભી થઈ હતી.

સતત અઢી કલાક સુધી પડેલા ભારે વરસાદથી ગામ વચ્ચે પસાર થતી નેવડી માં છાતી સમાં પાણી વહેતા થતા દુકાનોમાં પાણી ઘૂસ્યા હતા. આંબરડી ગામ સહિત મિતિયાળા, અભરામપરા, કૃશ્નગઢ ,બાગોયા, ખોડીયાણા, નવી આંબરડી, દોલતી, દેતડ અને જાબાળ જેવા આસપાસના ગામોમાં પણ વરસાદ પડયો હતો. આંબરડી ગામમાં અને સીમમાં અઢી કલાકમાં અંદાજે ચાર ઈંચ વરસાદ ખાબકતા ધાતરવડી નદી તેમજ ફુલઝર નદીમાં ઘોડાપૂર આવતા લોકો પૂર જોવા ઉમટયા હતા.

ઉલ્લેખનીય છે કે સતત સાત દિવસથી મેઘરાજાની ધોધમાર મેઘમહેરથી એક તરફ ખુશી જોવા મળી રહી છે તો બીજી તરફ ખેતીપાક ને લઈ થોડી ઘણી ચિંતા પણ જગતના તાત ને સતાવી રહી છે.

### તાલુકા પંચાયતનાં ઉપપ્રમુખ વનરાજભાઈ કોઠીવાળની રજૂઆત

## અમરેલીનાં પાદરમાં આવેલ ઠેબી જળાશયને પૂર્ણ કક્ષાએ ભરવા માંગ

### નાયબ દંડક કૌશિક વેકરિયાને કરી રજૂઆત



અમરેલી, તા. ૧૩

અમરેલી શહેર અને તાલુકાનાં ગામો જેવા કે નાના માચીયાળા, શેડુભાર, મોટા માચીયાળા, વરસડા, લાલાવદર, કેરિયાનાગસ, ઈશ્વરીયા, ગિરિયા, બક્ષીપુર, ફતેપર, પ્રતાપપરા તેમજ સાંગાડેરી, નાના આંકડીયા આ ગામોની રજૂઆત આવેલ છે કે ઠેબી ડેમના જે કોઈ પ્રશ્નો હોય તે તાત્કાલિક ઉકેલ લાવી અને આ ડેમ પૂર્ણ કક્ષાએ ભરવાની ખાસ જરૂરિયાત હોય જેથી અમરેલી શહેર અને આ ગામડાઓને પાણીના તળ ઉંચા આવવાથી ઘણો જ ફાયદો થાય છે અને સિંચાઈ માટે પાણી ઉંચા આવવાથી પાકની સીઝનમાં પુરતી સિંચાઈ થવાથી ઘણો જ ફાયદો થઈ શકે તેમ છે.

અમરેલી તાલુકાનો મુખ્ય પ્રશ્ન હોય ઉકેલ લાવી ડેમ ચાલું સિઝનમાં જ પૂર્ણ રીતે ભરાઈ તેમ કરવા અમરેલી તાલુકા પંચાયતનાં ઉપપ્રમુખ વનરાજભાઈ કોઠીવાળે નાયબ દંડક કૌશિક વેકરિયાને રજૂઆત કરેલ છે.

### ખોવાયેલ છે

મોટા આંકડીયાથી માંગવાપાળ પાટીયા સુધીમાં કાપડની થેલીમાં વીમાના ડોકયુમેન્ટ સાથે રૂપિયા ૧,૯૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ, નેવુ હજાર સાથેની થેલી મોટરસાયકલમાંથી તા. ૨૨/૦૬/૨૦૨૩ના રોજ થેલી પડી ગયેલ છે. જેમને મળેલ હોય તેમને પરત કરવા વિનંતી, યોગ્ય વળતર આપવામાં આવશે.

**સંપર્ક : ચતુરભાઈ લાલજીભાઇ દેસાઇ**
**મો.નં. ૭૫૬૭૭ ૩૪૨૪૫ – મોટી કુંકાવાવ**






### શહેર પોલીસને કોઈકે જાણકારી આપી

## સાવરકુંડલાનાં તુલસીદાસ રાઠોડનો મૃતદેહ પુલ નીચેથી મળી આવ્યો

### અકસ્માતે પડી જવાથી મોત થયાનું પ્રાથમિક તારણ

અમરેલી, તા. ૧૩

સાવરકુંડલા શહેરમાં આવેલ બ્રિજ નીચે એક અજાણ્યા પુરૂષની લાશ પડી હોવાની જાણ સાવરકુંડલા શહેર પોલીસને થતાં પોલીસ ઘટના સ્થળ પર પહોંચી ગઈ હતી અને લાશનો કબજો લઈ સાવરકુંડલા હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. લાશની ઓળખ કરાતા તેનું નામ તુલસીદાસ રાઠોડ હોવાનું ખૂલ્યું છે. તુલસીદાસના મોતને લઈ પોલીસે અલગ અલગ દિશામાં તપાસ હાથ ધરી હતી. રાત્રિના સમયે અકસ્માતે પડી જવાના કારણે મોત નિપજયું હોવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે.

### પાણીની કૂંડી ફેરવવાનાં બ્હાને

## મોટી કુંકાવાવ ખાતે શ્રમિકે મહિલાનો સ્પર્શ કરી છેડતી કરી

### મહિલાએ બુમાબુમ કરતાં આરોપી નાસી ગયો

અમરેલી, તા. ૧૩

મોટી કુંકાવાવ ગામે રહેતા સોનલબેન ટપુભાઈ વાળા નામની ૪૦ વર્ષિય મહિલાએ પોતાની ગૌશાળાની દિવાલ રીપેરીંગ કામ માટે તે જ ગામે રહેતા રાકેશભાઈ ચનાભાઈ તલસાણીયા નામનાં શ્રમિકને બોલાવેલ હોય. કામ પુરૂ થઈ ગયા બાદ પાણીની કૂંડી ફેરવવાનું કહેતા આરોપીએ મહિલાને મદદ માટે બોલાવેલ ત્યારે આરોપીએ મહિલાનાં શરીરને સ્પર્શ કરવા લાગી છેડતી કરતા આ મહિલાએ રાડારાડ કરતાં આરોપી નાસી ગયો હતો.






*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)